RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 418 Dt. 03-09-2026 Page : 08 Price : Rs 3

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT


# અમેરિકાનો ઈરાન પર હુમલો : ૧૯ મોત

## જવાબમાં જોર્ડન-બહેરીનના અમેરિકી મિલિટરી બેઝ પર ઈરાની હુમલો

નવી દિલ્હી, તા.૨

અમેરિકાએ ઈરાન પર ૩ દિવસમાં બીજી વાર હુમલો કર્યો છે. અમેરિકી સેનાએ રાત્રે સિરિક, ખુજસ્તાન, કેશ્મ દ્વીપ અને બંદર અબ્બાસ પર મિસાઈલ અને ડ્રોનથી હુમલા કર્યા હતા. અમેરિકાના હુમલાથી ૧૯ના મોત અને ૬૦ ઘાયલ થયા હોવાના અહેવાલો મળ્યા છે.ઈરાન મુજબ સિરિકમાં એક લગ્ન સમારોહ દરમિયાન મિસાઈલ છોડવામાં આવી. જેમાં ૫ લોકોના મોત થયા જ્યારે ૫૦થી વધુ લોકો ઘાયલ થયા.મેહર ન્યૂઝ મુજબ મૃતકોમાં ચાર વર્ષનો એક બાળક પણ સામેલ છે. હુમલા બાદ સામે આવેલા વીડિયો અને તસવીરોમાં ઘાયલ બાળકો હોસ્પિટલમાં સારવાર લેતા દેખાઈ રહ્યા છે.બીજી તરફ, ખુજસ્તાન પ્રાંત પરના હુમલામાં ૭ લોકોના મોત થયા, જ્યારે ૮ લોકો ઘાયલ થયા. જોકે અમેરિકાનો દાવો છે કે તેમણે ઈરાનના સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવ્યા છે.

આ હુમલાઓના જવાબમાં ઈરાને જોર્ડન અને બહેરીનમાં અમેરિકી સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવવાનો દાવો કર્યો છે. જેમાં ઘણા લોકો માર્યા ગયા છે.

લગ્ન સમારોહ પર મિસાઈલ હુમલા બાદ ઈરાની સંસદના સ્પીકર મોહમ્મદ ગાલીબાફે અમેરિકાને શેતાન ગણાવ્યું. તેમણે ડ પર લખ્યું, ‘‘જે શક્તિ શેતાનની જેમ કામ કરે, લોકોને મારે અને નિશાન બનાવે, તે શેતાન જ છે.‘‘તેમણે મીનાબની એક શાળા પર થયેલા હુમલાનો પણ ઉલ્લેખ કર્યો. ઈરાનનો દાવો છે કે આ હુમલામાં ૧૫૬ લોકો માર્યા ગયા હતા, જેમાં ૧૨૦ બાળકો હતા. અમેરિકાનું કહેવું છે કે તે ફક્ત ઈરાનના સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવી રહ્યું છે.

અમેરિકી નૌસેનાનું વિમાનવાહક જહાજ ગ્જજ અબ્રાહમ લિંકન બુધવારે થાઈલેન્ડ પહોંચ્યું. આ યુદ્ધ જહાજ ૨૦૦ દિવસથી વધુ સમય સુધી સતત સમુદ્રમાં રહ્યા બાદ પાંચ દિવસના આરામ માટે અહીં રોકાયું છે.આ જહાજ પર લગભગ ૫,૦૦૦ સૈનિકો અને કર્મચારીઓ તૈનાત છે. આ પશ્ચિમ એશિયામાં ઈરાન સાથે જોડાયેલા મિશન પર હતું. લાંબા સમય સુધી સમુદ્રમાં



રહેવાના કારણે જહાજ પર તૈનાત લોકોને કોઈ બંદર પર રોકાવાની તક મળી નહોતી. આ જ કારણે તેમના માનસિક સ્વાસ્થ્ય અને રહેવાની પરિસ્થિતિઓને લઈને પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. ઈરાને દાવો કર્યો છે કે ખુઝેસ્તાન પ્રાંતમાં અમેરિકી મિસાઈલ હુમલામાં ૭ લોકોના મોત થયા છે, જ્યારે ૮ ઘાયલ થયા છે. ઈરાનની સરકારી ન્યૂઝ એજન્સી ઈછ્રાઅના જણાવ્યા અનુસાર, અમેરિકાએ પ્રાંતમાં ૩ જગ્યાઓને નિશાન બનાવી હતી.

રિપોર્ટ મુજબ રશિયા ગુપચુપ રીતે ઈરાનને સુપરસોનિક મિસાઈલ ટેક્નોલોજી આપી રહ્યું છેરશિયા કથિત રીતે ઈરાનને સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ બનાવવાની ટેક્નોલોજી ગુપ્ત રીતે આપી રહ્યું છે. ફાઈનાન્શિયલ ટાઈમ્સના રિપોર્ટ મુજબ, બંને દેશો વચ્ચે આ સીક્રેટ પ્રોગ્રામ ૨૦૨૩થી ચાલી રહ્યો છે. આનો હેતુ ઈરાનને એવી ટેક્નોલોજી વિકસાવવામાં મદદ કરવાનો છે, જેનાથી ક્રૂઝ મિસાઈલો અવાજની ઝડપ કરતાં પણ ઘણી ગણી ઝડપે ઊડી શકે.આ પ્રોગ્રામનું કોડનેમ ઈ૪૩૦ક છે. તેમાં રશિયાના અનુભવી મિસાઈલ નિષ્ણાતો સામેલ છે. રશિયા ઈરાનને રેમજેટ પ્રોપલ્શન સિસ્ટમ વિકસાવવામાં મદદ કરી રહ્યું છે.

ઈરાન રેમજેટ સિસ્ટમ બનાવી ચૂક્યું છે અને એનું ફ્લાઈટ ટેસ્ટ પણ કરી ચૂક્યું છે. જોકે, હજુ સુધી એવો કોઈ પુરાવો નથી કે રશિયાની મદદથી બનેલી સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ ઈરાને તેના સૈન્યમાં તૈનાત કરી દીધી હોય.

આ ટેક્નોલોજીનો ઉપયોગ એન્ટી-શિપ અને જમીન પર હુમલો કરવાવાળી ક્રૂઝ મિસાઈલોમાં કરી શકાય છે. ઝડપી રફતાર અને ઓછી ઊંચાઈ પર ઊડવાની ક્ષમતાના કારણે આવી મિસાઈલોને એર ડિફેન્સ સિસ્ટમ માટે રોકવી મુશ્કેલ બની શકે છે.ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સે જોર્ડનમાં અમેરિકી ઠેકાણાઓ પર હુમલામાં મોટી સંખ્યામાં અમેરિકી સૈનિકો માર્યા ગયા હોવાનો દાવો કર્યો. જોકે, અમેરિકી અધિકારીઓએ આ દાવાને ફગાવી દીધો છે. બે અમેરિકી અધિકારીઓએ રોયટર્સને જણાવ્યું કે પ્રારંભિક માહિતી મુજબ જોર્ડનમાં અમેરિકી ઠેકાણાઓ પર ઈરાની હુમલામાં કોઈ જાનહાનિ થઈ નથી. તેમણે કહ્યું કે ઈરાની હુમલા ચાલુ રહેવાના કારણે પરિસ્થિતિ બદલાઈ પણ શકે છે. સિરીકમાં લગ્ન સમારોહ પર અમેરિકી હુમલામાં ૪નાં મોત.

ઈરાનની સરકારી ટીવી ચેનલ IRIBના જણાવ્યા અનુસાર સિરીકમાં લગ્ન સમારોહ પર થયેલા અમેરિકી હુમલામાં ૪ લોકોના મોત થયા છે, જ્યારે ૫૦ લોકો ઘાયલ થયા છે.

ઈરાને આરોપ લગાવ્યો છે કે અમેરિકી હુમલાઓમાં એક લગ્ન સમારોહ પણ નિશાના પર આવ્યો. ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ કહ્યું કે સિરિકના કુહસ્તક વિસ્તારમાં એક રહેણાંક ઘર પર હુમલો થયો, જ્યાં એક પરિવાર લગ્નની ઉજવણી કરી રહ્યો હતો. બઘાઈના જણાવ્યા અનુસાર, હુમલામાં ૫૦થી વધુ નિર્દોષ પુરુષો, મહિલાઓ અને બાળકો માર્યા ગયા કે ઘાયલ થયા. તેમણે અમેરિકી હુમલાઓને ’બર્બર અપરાધ’ ગણાવ્યા અને કહ્યું કે ઈરાન આનો દ્રઢતાથી જવાબ આપશે.અમેરિકા અને ઈરાન વચ્ચે હોર્મુઝ સ્ટ્રેટને લઈને ફરી એકવાર તણાવ વધી ગયો છે. અમેરિકાનો આરોપ છે કે ઈરાને આ મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગમાં બારૂદી સુરંગો (સી-માઈન્સ) બિછાવવાનો પ્રયાસ કર્યો છે. આવી માઈન્સ જહાજો માટે મોટો ખતરો બની શકે છે અને દરિયાઈ ટ્રાફિકને રોકી શકે છે. આ પછી ટ્રમ્પે હોર્મુઝ નજીક ઈરાની ઠેકાણાઓ પર હુમલાનો આદેશ આપ્યો.ટ્રમ્પે કહ્યું કે જો ઈરાન અમેરિકી હુમલાઓનો જવાબ આપશે તો અમેરિકા તેનાથી પણ વધુ કડક જવાબ આપશે.

# અમને ભારત પર ભરોસો

## અમેરિકન રાજદૂતે યુએસ-ઈન્ડિયાના સંબંધો પર કહી મોટી વાત



નવી દિલ્હી, તા.૨

ભારત અને અમેરિકાના સંબંધો આજે તેમના સૌથી મજબૂત અને ઐતિહાસિક તબક્કે પહોંચ્યા છે. ફાર્માસ્યુટિકલ, લશ્કરી ખરીદી, સંયુક્ત સૈન્ય અભ્યાસ, આઈટી, ડેટા સેન્ટર્સ અને અંતરિક્ષ ક્ષેત્રે ’મિશન મૂન’ સુધી બંને દેશો ખભેથી ખભો મિલાવીને કામ કરી રહ્યા છે. ઓટોમોટિવ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરર્સ એસોસિએશનના વાર્ષિક સંમેલન દરમિયાન ભારત અને અમેરિકા વચ્ચે ગાઢ બની રહેલા સંરક્ષણ, વેપાર અને ઔદ્યોગિક સંબંધોની એક નવી ચિત્રરેખા સામે આવી છે.

સંમેલનને સંબોધિત કરતા ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરે જણાવ્યું હતું કે, ’અમને ભારત પર પૂરો ભરોસો છે, અને અમે ભારત સાથે મળીને કામ કરવા માંગીએ છીએ. ભારત અને અમેરિકા માત્ર વેપારી ભાગીદારો નથી, પરંતુ અમે ભવિષ્યની ગતિશીલતા (મોબિલિટી) ને સાથે મળીને ડિઝાઈન કરી રહ્યા છીએ. બંને દેશો એક એવા વેપારિક સંબંધોનું નિર્માણ કરી રહ્યા છે, જે નિષ્પક્ષ, પરસ્પર અને બંને માટે ફાયદાકારક હોય.’ દ્વિપક્ષીય વેપાર વાટાઘાટોને આગળ ધપાવવા માટે ભારતના કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ આ મહિનાના અંતમાં અમેરિકાની મુલાકાતે જશે.

સર્જિયો ગોરે ભારપૂર્વક જણાવ્યું કે, ભારત-અમેરિકાના સંબંધો સામાન્ય વેપારથી ઘણા આગળ વધી ચૂક્યા છે. ભારત વિશ્વના એવા પસંદગીના દેશોમાં સામેલ છે જે ’પેક્સ સિલિકા’ પહલ સાથે સૌથી પહેલા જોડાયા હતા.

તેમણે ભારતીય ઓટોમોટિવ ઉદ્યોગની પ્રશંસા કરતા કહ્યું કે, ભારતનો ઓટો સેક્ટર સંપૂર્ણપણે આત્મનિર્ભર છે અને વૈશ્વિક સ્તરે એક વિશ્વસનીય ભાગીદાર બની ચૂક્યો છે. આનું સૌથી મોટું ઉદાહરણ અમેરિકી કાર નિર્માતા કંપની ’ફોર્ડ’ (ઋજ્ઞમિ) છે. ફોર્ડે તાજેતરમાં ભારતમાં તેના ચેન્નાઈ પ્લાન્ટને ફરીથી શરૂ કરવાની જાહેરાત કરી છે. આ નિર્ણય હેઠળ ફોર્ડ હવે ભારતમાંથી સમગ્ર વિશ્વ માટે કારના એન્જિનનું ઉત્પાદન કરશે.

### અમેરિકી કંપનીઓ માટે ભારતમાં સાનુકૂળ વાતાવરણ

અમેરિકી રાજદૂતે ભારપૂર્વક જણાવ્યું હતું કે, અમેરિકા માત્ર ભારતનો ગ્રાહક નથી, પરંતુ એક સક્રિય ભાગીદાર છે. તેમણે સૂચવ્યું કે, ભારતે એવું વાતાવરણ જાળવી રાખવું જોઈએ જ્યાં અમેરિકી કંપનીઓને સરળતાથી બજારમાં પ્રવેશ અને સ્પર્ધા કરવાની તક મળે. સાથે જ તેમણે ભારતીય કંપનીઓને અમેરિકામાં પણ પોતાના વ્યવસાયનો વિસ્તાર કરવા આમંત્રણ આપ્યું હતું.

તેલંગાણા સરકાર અને BCCIના સહયોગથી

# હૈદરાબાદમાં સૌથી મોટું સ્ટેડિયમ

## ૧૦૦ એકર જમીન પર ૧૦૦૦થી ૧૫૦૦ કરોડના ખર્ચે આ મલ્ટી-પર્પઝ સ્પોર્ટ્સ એરેના ‘ભારત ફ્યૂચર સિટી’માં આકાર લેશે

નવી દિલ્હી, તા.૨

હૈદરાબાદમાં વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ બનશે, જે ૧.૩૨ લાખથી વધુ દર્શકોની ક્ષમતા ધરાવશે. તેલંગાણા સરકાર અને BCCIના સહયોગથી ૧૦૦ એકર જમીન પર ₹૧,૦૦૦ થી ₹૧,૫૦૦ કરોડના ખર્ચે આ મલ્ટી-પર્પઝ સ્પોર્ટ્સ એરેના ’ભારત ફ્યૂચર સિટી’માં આકાર લેશે. ડિસેમ્બર ૨૦૨૬માં ખાતમુહૂર્ત થવાની સંભાવના છે, જે ગુજરાતના નરેન્દ્ર મોદી સ્ટેડિયમને પણ પાછળ છોડી દેશે.



દેશના આ રાજ્યમાં બનશે વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ, અમદાવાદના મોટેરાથી પણ હશે વિશાળ. હૈદરાબાદમાં વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ બનવા જઈ રહ્યું છે. તે ૧.૩૨ લાખથી વધુ દર્શકોની ક્ષમતા ધરાવતું મલ્ટી-પર્પઝ સ્પોર્ટ્સ એરેના હશે, જેને તેલંગાણા સરકાર અને બીસીસીઆઈ (BCCI) સાથે મળીને બનાવશે. આ સ્ટેડિયમનું નિર્માણ અંદાજે ૧૦૦ એકર જમીન પર કરવામાં આવશે. અહીં આંતરરાષ્ટ્રીય ફૂટબોલ મેચ, મોટા સાંસ્કૃતિક કાર્યક્રમો, સંગીત સમારોહ અને વિશાળ કન્વેન્શન યોજવા માટે વિશ્વસ્તરીય સુવિધાઓ ઉપલબ્ધ હશે.

તેલંગાણાની રાજધાની હૈદરાબાદના ’ભારત ફ્યૂચર સિટી’ માં આ અત્યાધુનિક સ્ટેડિયમ તૈયાર કરવામાં આવશે, જે દર્શક ક્ષમતાની દ્રષ્ટિએ ગુજરાતના અમદાવાદ સ્થિત મોટેરાના નરેન્દ્ર મોદી સ્ટેડિયમને પણ પાછળ છોડી દેશે. મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડીના વિઝન હેઠળના આ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત ડિસેમ્બર ૨૦૨૬માં થવાની સંભાવના છે.

જમીન અને ખર્ચઃ ૧૦૦ એકરમાં ફેલાયેલા આ સ્ટેડિયમના નિર્માણ પાછળ ₹૧,૦૦૦ થી ₹૧,૫૦૦ કરોડનો અંદાજિત ખર્ચ થશે. તેલંગાણા સરકાર જમીન પૂરી પાડશે, જ્યારે નિર્માણનો તમામ ખર્ચ અને ભવિષ્યની જાળવણી BCCI દ્વારા કરવામાં આવશે.

જરૂરિયાતઃ હાલમાં હૈદરાબાદના ઉપ્પલ સ્થિત રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમની ક્ષમતા મર્યાદિત હોવાથી વર્લ્ડ કપ જેવી મોટી આંતરરાષ્ટ્રીય ટૂર્નામેન્ટની મહત્વપૂર્ણ મેચો માટે વિશાળ સ્ટેડિયમની જરૂરિયાત લાંબા સમયથી અનુભવાઈ રહી હતી.

ફ્યૂચર સિટીમાં બનનારું આ સ્ટેડિયમ આઉટર રિંગ રોડ, પ્રસ્તાવિત રીજનલ રિંગ રોડ, મેટ્રો રેલ અને શમશાબાદ સ્થિત રાજીવ ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટની ખૂબ નજીક હશે. તેનાથી દેશ-વિદેશના દર્શકો માટે અહીં પહોંચવું અત્યંત સરળ બનશે, અને રાજ્યમાં રમતગમત પ્રવાસન (Sports Tourism) ને મોટો વેગ મળશે.

નેપાળમાં ગ્લેશિયર ફાટવાની ઘટના બાદ ભારતમાં પણ આવી જ સ્થિતિ

# ભારતમાં પણ નેપાળ જેવી હોનારતની દહેશત

## ૪૦ સંવેદનશીલ સ્થળો ઓળખાયા : સંભવિત હોનારતને ટાળવા ૩ મુખ્ય સુરક્ષા પગલાં પ્રસ્તાવિત કરાયા

નવી દિલ્હી, તા.૨

નેપાળમાં ગ્લેશિયર ફાટવાની ઘટના બાદ ભારતમાં પણ આવા જ ખતરાની દહેશત છે. ગઉખઅ અનુસાર, સિક્કિમના ૪૦ ગ્લેશિયર તળાવો જોખમમાં છે, જેમાંથી ૭ અતિ-ઉચ્ચ જોખમ શ્રેણીમાં છે. અધિકારીઓએ શાકો ચુ, કેરાંગ અને ડૌલમા સંપાગમાં ઓટોમેટિક મોનિટરિંગ સ્ટેશનો અને ડોપ્લર વેધર રડાર ગોઠવીને રીયલ-ટાઈમ નિરીક્ષણ શરૂ કર્યું છે. આ સંભવિત હોનારતને ટાળવા ૩ મુખ્ય સુરક્ષા પગલાં પ્રસ્તાવિત કરાયા છે.

નેપાળમાં તાજેતરમાં ગ્લેશિયર ફાટવાથી આવેલી વિનાશક પૂરની હોનારતે ભારે તબાહી મચાવી છે. આ કુદરતી આફતમાં ૧,૦૦૦ થી વધુ લોકોના મોત થયા છે અને ૪,૦૦૦ થી વધુ લોકો ગુમ હોવાના અહેવાલ છે. હવે આવી જ ભયાનક આફતનું જોખમ ભારતમાં પણ તોળાઈ રહ્યું છે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (NDMA) ના જણાવ્યા અનુસાર, ભારતના સિક્કિમ રાજ્યમાં ૪૦ ગ્લેશિયર તળાવો પર જોખમ મંડરાઈ રહ્યું છે, જેમાંથી ૭ તળાવો અત્યંત ઉચ્ચ જોખમ ધરાવતા (High Risk) શ્રેણીમાં મુકવામાં આવ્યા છે.

નેપાળ-તિબેટ સરહદ નજીક આવેલા સિક્કિમમાં ૪૦૦ થી વધુ ગ્લેશિયર તળાવો આવેલા છે. તાજેતરના વૈજ્ઞાનિક મૂલ્યાંકનમાં ૧૭,૦૦૦ ફૂટથી વધુ ઊંચાઈ પર આવેલા ૧૬ અતિ-સંવેદનશીલ તળાવોમાંથી ૧૩ નો વિગતવાર અભ્યાસ પૂર્ણ થયો છે. આ અભ્યાસમાં તળાવની ઊંડાઈ, પાણીનો જથ્થો, મોરેન (ખજ્ઞફિશક્ષય) ની મજબૂતી અને ભૂસ્ખલનના જોખમોની તપાસ કરવામાં આવી છે.

સિક્કિમના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના મુખ્ય સચિવ સંદીપ તાંબેના જણાવ્યા મુજબ, સંભવિત હોનારતને પહોંચી વળવા માટે ૩ મુખ્ય સુરક્ષા પગલાં પ્રસ્તાવિત કરાયા છે. તેમાં શાકો ચુ તળાવઃ અહીં ૨.૭ કરોડ ઘન મીટર પાણી જમા છે. સોલાર પંપ દ્વારા તળાવની જળસપાટી ૨૦ થી ૪૦ મીટર ઘટાડીને અંદાજે ૮૦ લાખ ઘન મીટર પાણી બહાર કાઢવામાં આવશે, જેથી ડેમ કે મોરેન તૂટવાની સ્થિતિમાં નીચેના વિસ્તારોમાં પૂરનું જોખમ ઘટે.ડૌલમા સંપાગ પ્રોજેક્ટઃ દક્ષિણ-ઉત્તર લોનાક ક્લસ્ટર માટે ૨૪ કિમી નીચે એક વિશાળ પથ્થર-ચણતરની રોક સંરચના બનાવવાનો અભ્યાસ ચાલી રહ્યો છે, જે પૂરના પાણીના પ્રવાહને ધીમો કરી દેશે.ગુરુડોંગમાર સરોવર સંકુલઃ આ પવિત્ર સરોવરને નુકસાન પહોંચાડ્યા વિના પાણીના નિકાલને નિયંત્રિત કરવા માટે મોરેન પ્લગ પર સુરક્ષા દીવાલ બનાવવાની યોજના છે.

અધિકારીઓ શાકો ચુ, કેરાંગ અને ડૌલમા સંપાગમાં ઓટોમેટિક મોનિટરિંગ સ્ટેશનો દ્વારા રીયલ-ટાઈમ નિરીક્ષણ કરી રહ્યા છે. આ ઉપરાંત, ડોપ્લર વેધર રડાર (Doppler Weather Radar) ગોઠવવાની તૈયારીઓ ચાલી રહી છે, જેથી હિમસ્ખલન અને ભારે વરસાદ જેવી હવામાન પરિસ્થિતિઓ પર અગાઉથી નજર રાખી શકાય. ઉલ્લેખનીય છે કે, ઓક્ટોબર ૨૦૨૩માં સાઉથ લોનાક સરોવર ફાટવાથી તીસ્તા નદીના બેસિનમાં ભારે પૂર આવ્યું હતું.



### રાજકોટના TITAN ૫૪ પ્રોજેક્ટ મામલે RERA ગુજરાતનો મોટો ચુકાદો

# ડેવલપરને ૩ મહિનામાં કબજો સોંપવા આદેશ

## ગ્રાહકે પૂરી રકમ ચૂકવી હોવા છતાં કબજો ન મળતા RERAમાં ફરિયાદ નોંધાઈ હતી, વિલંબ બદલ ૯% વ્યાજ ચૂકવવાનો પણ હુકમ

રાજકોટ, તા.૨

રાજકોટ શહેરના પોશ વિસ્તાર ગણાતા અમીન માર્ગ પર આવેલા ''ઝઈઝઅગ ૫૪ પ્રોજેક્ટમાં ફ્લેટ ખરીદનાર ગ્રાહક દ્વારા ડેવલપર સામે કરવામાં આવેલી ફરિયાદને ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (છીઊછઅ), ગુજરાત દ્વારા મંજૂર કરવામાં આવી છે. સત્તાધિકારીએ ફરિયાદીની રજૂઆતોને માન્ય રાખીને ડેવલપરને ફ્લેટનું બાકી રહેલું કામ નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરી કબજો સોંપવાનો તથા વિલંબ બદલ વ્યાજ ચૂકવવા અંગે મહત્વપૂર્ણ આદેશ કર્યો છે.

આ અંગે ફરિયાદી શ્રી દીપેન લવજીભાઈ હેમાડિયા દ્વારા ઝઈઝઅગ ૫૪ પ્રોજેકટના ફ્લેટ નં. ઈ-૬૦૨ માટે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ફરિયાદમાં મુખ્યત્વે એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે ફ્લેટની ખરીદી માટેની જરૂરી રકમ ચૂકવવામાં આવી હોવા છતાં ડેવલપર દ્વારા ફ્લેટનું કામ પૂર્ણ કરવામાં આવ્યું ન હતું. આ ઉપરાંત ડેવલપર દ્વારા રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી કબજો પણ સોંપવામાં આવ્યો ન હતો. આ મામલે ફરિયાદી વતી એડવોકેટ શ્રી આનંદ એમ. રાણપરા દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે ખરીદદાર દ્વારા પોતાની તમામ નાણાકીય જવાબદારીઓ પૂર્ણ કર્યા બાદ પણ તેને ફ્લેટનો સંપૂર્ણ અને કાયદેસર કબજો મળ્યો ન હતો. ફરિયાદીએ ચૂકવેલી રકમ ઉપર વ્યાજ તેમજ બાકી કામ પૂર્ણ કરી કબજો સોંપવાની માંગણી કરી હતી.

ફરિયાદની સુનાવણી દરમિયાન ફરિયાદીના વકીલની રજૂઆતો તથા રેકોર્ડ પરના દસ્તાવેજોનું બારીકાઈથી અવલોકન કર્યા બાદ છીઊછઅ, ગુજરાતે ગ્રાહકના પક્ષમાં ચુકાદો આપ્યો છે. સત્તાધિકારીએ સ્પષ્ટપણે ડેવલપરને ફરિયાદીના ફ્લેટનું બાકી રહેલું કામ આગામી ત્રણ મહિનાની અંદર પૂર્ણ કરી, જરૂરી રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી ફ્લેટનો કબજો સોંપવાનો આદેશ કર્યો છે. આ સાથે જ, કબજો સોંપવામાં થયેલા વિલંબને ધ્યાનમાં રાખીને ડેવલપરને ફરિયાદી દ્વારા ચૂકવવામાં આવેલી રકમ ઉપર તા. ૦૧.૦૧.૨૦૨૪ થી કબ્જો સોંપ્યા તારીખ સુધી વાર્ષિક ૯% ના દરે વ્યાજ ચૂકવવાનો પણ આદેશ કરવામાં આવ્યો છે.

છીઊછઅ ના આ ચુકાદાથી હવે ડેવલપરને નિર્ધારિત સમયમર્યાદામાં બાકી કામ પૂર્ણ કરી કબજો સોંપવો તથા વિલંબના સમયગાળા માટે વ્યાજ ચૂકવવું ફરજિયાત બન્યું છે. આ નિર્ણય દ્વારા રિયલ એસ્ટેટ પ્રોજેકટમાં ફ્લેટ ખરીદનારના હકોનું રક્ષણ કરવામાં આવ્યું છે અને ડેવલપર દ્વારા બાકી રહેલી કામગીરી તથા કબજો સોંપવામાં થતી વિલંબિત કાર્યવાહી અંગે કડક વલણ અપનાવવામાં આવ્યું છે. આ નિર્ણયને રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં ઘર ખરીદનાર ગ્રાહકોના હિતોના રક્ષણ અને ડેવલપરની જવાબદારી સુનિશ્ચિત કરવાની દિશામાં અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે.




# વેટરન ફૂટબોલની બંને ટુર્નામેન્ટમાં રાજકોટ ચેમ્પિયન

## રાજકોટની ૬૦+ ની ટીમે 'રેસ્ટ ઓફ ગુજરાત'ની ટીમને અને ૪૦+ ની ટીમે સુરતની ટીમને આપ્યો પરાજય



રાજકોટ, તા.૨

ગુજરાત વેટરન ફૂટબોલ એસોસીએશનના સ્થાપના દિન નિમિત્તે ગત તારીખ ૨૩ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ અમદાવાદના કેન્ટોનમેન્ટ ફૂટબોલ ગ્રાઉન્ડ ખાતે 'ઓપન ગુજરાત વેટરન ફૂટબોલ ટુર્નામેન્ટ'નું શાનદાર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટમાં રાજકોટ ઉપરાંત સુરત, વડોદરા, ગાંધીનગર, અમદાવાદ અને મહેસાણા જિલ્લાની વેટરન ૪૦+ અને ૬૦+ વયજૂથની ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં રાજકોટની ટીમે મેદાન પર બહેતરીન રમતનું પ્રદર્શન કરી બંને કેટેગરીમાં ચેમ્પિયનશિપનો ખિતાબ પોતાના નામે કરીને સમગ્ર રાજ્યમાં ગૌરવ વધાર્યું છે.

સવારથી સાંજ સુધી રમાયેલી આ અત્યંત રોમાંચક ટુર્નામેન્ટમાં રાજકોટની ૬૦+ ની ટીમે 'રેસ્ટ ઓફ ગુજરાત'ની ૬૦+ ની ટીમને જોરદાર ટક્કર આપી હતી. આ ખરાખરીના મુકાબલામાં રાજકોટની ટીમે પેનલ્ટી શૂટઆઉટમાં ૨-૧ થી ભવ્ય વિજય મેળવીને ચેમ્પિયનશિપ હાંસલ કરી હતી. બીજી તરફ, ૪૦+ કેટેગરીમાં પણ રાજકોટે સળંગ શાનદાર પ્રદર્શન કર્યું હતું. ૪૦+ ની ટીમે સેમિફાઈનલમાં ગાંધીનગરની ટીમને પરાજય આપ્યા બાદ, ફાઈનલ મુકાબલામાં સુરતની મજબૂત ટીમને મહાત આપીને વિજેતા પદ પર કબ્જો જમાવ્યો હતો.

આ ઐતિહાસિક જીત અપાવનાર રાજકોટની ૬૦+ ટીમના ખેલાડીઓમાં શિવરાજસિંહ ચાવડા, રોહિત બુંદેલા, અજય ભટ્ટ, અમૃતલાલ બૌરાસી, દિપકરાવ યશવંતે, વિજય ઘાડગે, વિલિયમ પરેરા, રાજેશ ચૌહાણ, રાજેશ પરમાર, પરસોત્તમ દારદરા, મુનાફ બુખારી, અબ્દુલ શેખ, સાઈમન કુનાન, અનિલ વ્યાસ અને રોહિત કનાડાનો સમાવેશ થાય છે. આ વિજયી ટીમને કોચ તરીકે રાજેશ સિયાળીયાએ ઉત્કૃષ્ટ સેવાઓ અને માર્ગદર્શન પૂરું પાડ્યું હોવાનું એસોસિએશનના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાલાએ હર્ષભેર જણાવ્યું હતું.

### સીતારામનગર મેઈન રોડ પરથી બે મિત્રોનું રિક્ષામાં અપહરણ કરી ૧૦ હજાર રોકડા પડાવી લીધા

# ધોળા દિવસે છરીની અણીએ લૂંટ

## ઈકબાલ નામના રિક્ષા ચાલક અને તેના અજાણ્યા સાગરીતે બળજબરીથી રિક્ષામાં બેસાડી છરી બતાવીને ખિસ્સામાંથી લૂંટ ચલાવી

રાજકોટ, તા.૨

રાજકોટ શહેરના થોરાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ધોળા દિવસે છરીની અણીએ લૂંટની ઘટના પ્રકાશમાં આવી છે. શ્યામનગર શેરી નં. ૨ માં રહેતા અને ઈમિટેશનના કારખાનામાં મજૂરીકામ કરતા ૩૪ વર્ષીય તુષાર ઉર્ફે ભુરો હોતચંદ ઉર્ફે અતુલ સાવલાણીએ નોંધાવેલી ફરિયાદ મુજબ, ગત તારીખ ૦૨/૦૯/૨૦૨૬ ના રોજ બપોરના આશરે ૧૧:૫૫ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી. તુષાર અને તેનો મિત્ર કેતન રમેશ ચૌહાણ સીતારામનગર મેઈન રોડ પરથી ચાલીને ઘરે જઈ રહ્યા હતા ત્યારે પાછળથી એક કાળા કલરની ઓટો રિક્ષા (નંબર GJ-03-AX-2046) આવી હતી.

આ રિક્ષાનો ચાલક ઈકબાલ હતો અને પાછળ એક અજાણ્યો શખ્સ બેઠેલો હતો. પાછળ બેઠેલા અજાણ્યા શખ્સે બંને મિત્રોને ખેંચીને બળજબરીથી રિક્ષામાં બેસાડી દીધા હતા. રિક્ષા થોડી આગળ ચલાવ્યા બાદ બંને આરોપીઓએ ''તમારા ખિસ્સામાં જે રૂપિયા હોય તે અમોને આપી દયો'' તેમ કહી ધમકાવ્યા હતા. ત્યારબાદ પાછળ બેઠેલા અજાણ્યા શખ્સે છરી કાઢીને ''આટલી વાર લાગશે'' તેમ કહીને તુષારના પેન્ટના ખિસ્સામાંથી ૧૦,૦૦૦ રૂપિયા રોકડા (૫૦૦ ના દરની નોટો) લૂંટી લીધા હતા.



લૂંટ ચલાવ્યા બાદ આરોપીઓએ બંને મિત્રોને રિક્ષામાંથી નીચે ઉતારી દીધા હતા અને પોતાની રિક્ષા લઈને ભાગી ગયા હતા. આ બનાવ અંગે ભોગ બનનાર યુવાને થોરાળા પોલીસ સ્ટેશનમાં ઈકબાલ અને એક અજાણ્યા શખ્સ સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૯(૪), ૩(૫) મુજબ ગુનો નોંધાવ્યો છે. આ કેસની વધુ તપાસ પીએસઆઈ પાર્થરાજસિંહ દિલીપસિંહ જાડેજાએ હાથ ધરી છે.

# એસ.ટી. બસમાં ચડતી વખતે વૃદ્ધાના ગળામાંથી રૂ. ૩.૭૫ લાખના ચેનની ચોરી

## આજીડેમ ચોકડી પાસે તહેવાર નિમિત્તે સરધાર જતા સમયે અજાણ્યા ગઠિયાએ નજર ચૂકવી ચેન સેરવી લીધો

રાજકોટ, તા.૨

રાજકોટ શહેરના કોઠારીયા રોડ પર આવેલા નાડોદાનગર વિસ્તારમાં રહેતા ૭૦ વર્ષીય વૃદ્ધાના ગળામાંથી આજીડેમ ચોકડી પાસે એસ. ટી. બસમાં ચડતી વખતે એક અજાણ્યા શખ્સે આશરે ૩ તોલાનો સોનાનો ચેન ચોરી લીધો હોવાની ઘટના પોલીસ ચોપડે નોંધાઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ફરિયાદી ખોડાભાઈ દેવજીભાઈ ડાભીના ૭૦ વર્ષીય પત્ની લાભુબેન ગત તારીખ ૨૮/૦૮/૨૦૨૬ ના રોજ રક્ષાબંધનના તહેવાર નિમિત્તે સરધાર પાસે આવેલા ભાડુઈ ગામ ખાતે જવા માટે ઘરેથી નીકળ્યા હતા.

સવારના દસેક વાગ્યાની આસપાસ આજીડેમ પોલીસ ચોકી સામે, ભાવનગર હાઈવે પર આવેલી આજીડેમ ચોકડી ખાતેથી તેઓ સરધાર જવાની એસ.ટી. બસમાં ચડી રહ્યા હતા. બસના પગથિયાં ચડતી વખતે કોઈ અજાણ્યા ચોરે નજર ચૂકવીને તેમના ગળામાંથી આશરે ૩૦ ગ્રામ વજનનો સોનાનો ચેન સેરવી લીધો હતો. આ સોનાના ચેનની કિંમત આશરે રૂ. ૩,૭૫,૦૦૦ આંકવામાં આવી છે. બસમાં ચડ્યા બાદ ગળામાં ચેન જોવા ન મળતાં તેઓ બસમાંથી નીચે ઉતરી ગયા હતા અને તરત જ તેમના પતિને ફોન કરીને આ ચોરીની ઘટનાની જાણ કરી હતી.



આ બનાવ અંગે ખોડાભાઈ ડાભીએ આજીડેમ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ચોર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૩(૨) મુજબ ફરિયાદ નોંધાવી છે. આજીડેમ પોલીસ સ્ટેશનના એએસઆઈ રાજેશભાઈ સામતભાઈ મેર દ્વારા આ કેસની વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# નિર્માણાધીન સાઈટમાંથી ૮ લાખના ઈલેક્ટ્રિક વાયરની ચોરી

## જીવરાજ પાર્ક પાસે આવેલી શરણમ સેફ્રોન નામની સાઈટમાંથી ૪૪ ફ્લેટ અને ડક્ટમાંથી અજાણ્યા શખ્સો દ્વારા લાખો રૂપિયાના વાયરના બંડલની ચોરી કરાઈ

રાજકોટ, તા. ૨

રાજકોટ શહેરના જીવરાજ પાર્ક, અંબિકા ટાઉનશીપ રોડ નં-૪ પાસે આવેલી 'શરણમ સેફ્રોન' નામની સાઈટમાંથી લાખો રૂપિયાના ઈલેક્ટ્રિક વાયરની ચોરી થઈ હોવાની ઘટના પોલીસ ચોપડે નોંધાઈ છે. નાના મવા મેઈન રોડ પર રાધાનગરમાં રહેતા અને કન્સ્ટ્રક્શનનો વ્યવસાય કરતા ૨૬ વર્ષીય ઉર્મિત અનીલભાઈ મોરીધરાએ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ફરિયાદીની શરણમ સેફ્રોન સાઈટ પર ૬ વિંગ આવેલી છે અને ત્યાં હાલમાં ઈલેક્ટ્રિક કામ ચાલી રહ્યું છે. ગત તારીખ ૩૦/૦૭/૨૦૨૬ ના રોજ સાઈટના ઈલેક્ટ્રિશિયન પ્રકાશભાઈ અને હિમાંશુભાઈએ ફરિયાદીને જાણ કરી હતી કે ડી-વિંગના ૧૦મા માળે અને ૭મા માળે રાખેલા હેવેલ્સ અને કે.ઈ.આઈ. કંપનીના વાયરના બંડલ જોવા મળતા નથી. આ અંગે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે સી-વિંગના ઈલેક્ટ્રિક ડક્ટમાંથી અને અન્ય ૪૪ જેટલા ફ્લેટમાંથી પણ વાયર ગાયબ છે. તારીખ ૦૧/૦૭/૨૦૨૬ ના સવારના ૧૦ વાગ્યાથી તારીખ ૩૦/૦૭/૨૦૨૬ ના સવારના ૧૦ વાગ્યાના સમયગાળા દરમિયાન કોઈ અજાણ્યા ચોરે આ સાઈટમાં ગેરકાયદેસર પ્રવેશ કરી ચોરીને અંજામ આપ્યો હતો.

આ ઘટનામાં ચોરાયેલા મુદ્દામાલમાં હેવેલ્સ કંપનીના ૧૫ બંડલ (કિંમત રૂ. ૧,૫૦,૦૦૦), કે.ઈ.આઈ. કંપનીના ૧૦ બંડલ (કિંમત રૂ. ૧,૫૦,૦૦૦) તેમજ અલગ-અલગ ૪૪ ફ્લેટ અને સી-વિંગના ડક્ટમાં રહેલા આશરે રૂ. ૫,૦૦,૦૦૦ ના વાયર મળીને કુલ ૮,૦૦,૦૦૦ રૂપિયાની મત્તાની ચોરી થઈ છે. ફરિયાદીએ પોતાની રીતે તપાસ કર્યા બાદ અંતે તાલુકા પોલીસનો સંપર્ક કર્યો હતો. આ મામલે પોલીસે બી.એન.એસ.ની કલમ ૩૩૧(૩), ૩૩૧(૪), ૩૦૫(એ) મુજબ ગુનો દાખલ કર્યો છે અને પોલીસ સબ ઈન્સ્પેક્ટર બોઘાભાઈ રામભાઈ ભરવાડ દ્વારા કેસની વધુ તપાસ ચલાવવામાં આવી રહી છે.



## કેબિનેટ બેઠકના પગલે પ્રભારી મંત્રી જીતુ વાઘાણી ઉદ્ઘાટન સમારંભમાં ગેરહાજર

# વિરાસતથી વિકાસ લોકમેળાનો નિરસ પ્રારંભ

## જિલ્લા વહીવટી તંત્રી દ્વારા મહિલા સફાઈ કર્મચારીના હાથે લોકમેળો મુકાયો ખુલ્લો : મોટી યાંત્રિક રાઈડ્સને હજુ નથી મંજૂરી

રાજકોટ, તા.૨

રાજકોટના ઐતિહાસિક રેસકોર્સ મેદાન ખાતે શ્રી કૃષ્ણ જન્માષ્ટમીના પવિત્ર પર્વ નિમિત્તે આયોજિત 'વિરાસતથી વિકાસ લોકમેળા - ૨૦૨૬'નું ઉદઘાટન મહાનગરપાલિકાના સફાઈકર્મી ગલાલબેન મકવાણાના હસ્તે કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા અને ડો. મહેન્દ્રભાઈ પાડલીયા સહિતના મહાનુભાવોની ખાસ ઉપસ્થિતિમાં મેળો ખુલ્લો મુકાયો હતો. આ સાથે જ મહિલા કારીગરોની કલાને પ્રોત્સાહન આપતા 'શ્રાવણ ઉત્સવ' મેળાનો પણ આરંભ કરવામાં આવ્યો હતો. ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ જન્માષ્ટમીની શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, રાજકોટનો લોકમેળો સૌરાષ્ટ્રની સંસ્કૃતિ, પરંપરા અને ભાઈચારાનું જીવંત પ્રતિબિંબ છે. તેમણે ભગવાન કૃષ્ણના કર્મયોગના સંદેશને યાદ કરી રાજકોટને વધુ સ્વચ્છ અને સુરક્ષિત બનાવવા નાગરિકોને અપીલ કરી હતી. સાથોસાથ, 'વોકલ ફોર લોકલ'ની ભાવનાને મજબૂત કરવા, સ્વચ્છતા જાળવવા, ટ્રાફિકના નિયમોનું પાલન કરવા અને બાળકો તથા વડીલોની ખાસ સંભાળ રાખવા વિનંતી કરી હતી.

જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશે મેળાની સુરક્ષા અને સુવિધાઓ વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીના માર્ગદર્શન હેઠળ મેળો યોજાઈ રહ્યો છે. મુલાકાતીઓની સુરક્ષા માટે રિયલ ટાઈમ એ.આઈ. બેઝ્ડ ક્રાઉડ મેનેજમેન્ટ ડ્રોન, ડેડિકેટેડ ડિઝાસ્ટર કોરિડોર, બે નવા ડિઝાસ્ટર રૂટ, બાઈક એમ્બ્યુલન્સ અને રૂ. ૧૦ કરોડનો લાયેબિલિટી ઈન્સ્યોરન્સ લેવાયો છે. ૧૫૦ ફાયર જવાનો તૈનાત રહેશે. મેળા દરમિયાન ૨૯૦ સફાઈ કર્મચારીઓ ત્રણ શિફ્ટમાં રાઉન્ડ ધ ક્લોક કામ કરશે, જ્યારે મેળો પૂર્ણ થયા બાદ તા. ૭ થી ૧૩ સપ્ટેમ્બર દરમિયાન ૧૨૦ કર્મચારીઓ ગ્રાઉન્ડની સઘન સફાઈ કરશે. કલેક્ટરે ૧૯૮૩થી ૨૦૨૬ સુધીની લોકમેળાની યાત્રા યાદ કરી હતી અને ઉમેર્યું હતું કે મેળાની આવકના ૨૫ ટકા મુજબ છેલ્લા ૨૦ વર્ષમાં રૂ. ૫.૬૬ કરોડથી વધુ રકમ મુખ્યમંત્રી રાહતફંડમાં અર્પણ કરાઈ છે.

### નેવી બેન્ડનું દેશભક્તિ સંગીત અને લોકમેળાના નામકરણકર્તાનું સન્માન

ઉદઘાટન પ્રસંગે ઈન્ડિયન નેવી બેન્ડના ધમાકેદાર પર્ફોર્મન્સથી સમગ્ર માહોલ દેશભક્તિમય બની ગયો હતો. લોકમેળાનું નામ 'વિરાસતથી વિકાસ-૨૦૨૬' સૂચવનારા અજયભાઈ રતિભાઈ કુકડીયાનું પ્રશસ્તિ પત્ર આપી સન્માન કરાયું હતું. નિવાસી અધિક કલેક્ટર જે. એચ. બારોટે સ્વાગત પ્રવચન કર્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ સંજયભાઈ પીપળીયા, ઉપપ્રમુખ સામતભાઈ બાંભવા, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, નેવી કેપ્ટન શ્રીજીત નાયર, ડી.સી.પી. જગદીશ બાંગરવા અને રાકેશ દેસાઈ, પૂર્વ સાંસદ રામભાઈ મોકરીયા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.






# લોકમેળોમાં જલ્સા વચ્ચે આરોગ્યનું નામનું રક્ષણ

## ઉદ્ઘાટન પહેલા જ ફૂડ વિભાગ ત્રાટક્યું : ૧૦ કિલો સડેલા બટેટાનો નાશ, લાઈવ ઢોકળા સહિતના સ્ટોલ્સ પર કડક તપાસ



રાજકોટ, તા. ૨

રાજકોટના ઐતિહાસિક રેસકોર્સ મેદાનમાં આજથી પાંચ દિવસીય લોકમેળાનો ધામધૂમથી પ્રારંભ થયો છે. મેળો માણવા આવતા લાખો લોકોના આરોગ્ય સાથે કોઈ ચેડા ન થાય અને ખાણીપીણીની વસ્તુઓ સંપૂર્ણ હાઈજેનિક મળે તે માટે રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય અને ફૂડ વિભાગે ઉદઘાટન પૂર્વે જ સવારથી કડક ચેકિંગ કામગીરી શરૂ કરી દીધી હતી. ફૂડ શાખાની ટીમે મેળાના મેદાનમાં પહોંચીને લાઈવ ઢોકળા સહિતના વિવિધ સ્ટોલ્સ પર વપરાશમાં લેવાતા કાચા માલ, શાકભાજી અને પેકિંગનું સઘન નિરીક્ષણ કર્યું હતું. આ ચકાસણી દરમિયાન એક સ્ટોલમાંથી બટેટાની બોરી ખોલતા ૧૦ કિલો સડેલા બટેટા મળી આવ્યા હતા, જેનો ટીમે સ્થળ પર જ નાશ કરીને અખાદ્ય સામગ્રી વેચાવતી અટકાવી હતી.

સાથોસાથ મનપાની ફૂડ શાખા દ્વારા 'ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬' હેઠળ મેળામાં ધંધો કરતા વેપારીઓ માટે હંગામી ફૂડ રજિસ્ટ્રેશનની કામગીરી હાથ ધરાઈ છે, જેમાં ૫૦ જેટલા ફૂડ બિઝનેસ ઓપરેટરોની નોંધણીની પ્રક્રિયા હાલ ચાલુ છે. ફૂડ વિભાગે તમામ સ્ટોલ ધારકોને કાચો માલ તેમજ તૈયાર ખોરાક યોગ્ય રીતે તપાસીને જ સંગ્રહ કરવા અને સ્ટોલ પર પૂરેપૂરી સ્વચ્છતા જાળવવા આકરા નિર્દેશો આપ્યા છે. આરોગ્ય અધિકારીના જણાવ્યા અનુસાર, લોકમેળાના પાંચેય દિવસ દરમિયાન મનપાની ફૂડ શાખા અને ખોરાક તથા ઔષધ નિયમન તંત્રની સંયુક્ત ટીમો દ્વારા સતત આવી સરપ્રાઈઝ ચકાસણી ચાલુ રાખવામાં આવશે.

રાજકોટના રેસકોર્સ મેદાનમાં આજથી પાંચ દિવસીય લોકમેળાનો ધામધૂમથી પ્રારંભ થઈ ચૂક્યો છે, પરંતુ પહેલા જ દિવસે મનપાના ફૂડ વિભાગની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. તંત્ર દ્વારા મોટા ઉપાડે ''સતત ચેકિંગ અને હાઈજીન''ના દાવો કરવામાં આવી રહ્યા છે, પરંતુ મેળાની શરૂઆતમાં જ સ્ટોલ્સમાંથી વાસી અને સડેલા બટેટા મળી આવતા લોકોના આરોગ્ય સામે મોટું જોખમ ઊભું થયું છે.

આ ઘટનાએ સાબિત કરી દીધું છે કે ખાણીપીણીના ધંધાર્થીઓ પર તંત્રનો કોઈ આકરો અંકુશ રહ્યો નથી. ફૂડ વિભાગના અધિકારીઓ માત્ર મેળાના મેદાનમાં દોડી જઈ, કેમેરા સામે ફોટા પડાવીને કામગીરી દર્શાવવામાં વ્યસ્ત હોય તેવો ઘાટ સર્જાયો છે. જો ઉદઘાટન પૂર્વે જ આટલી મોટી બેદરકારી સામે આવતી હોય, તો આગામી પાંચ દિવસ સુધી લાખો લોકો જે ખોરાક આરોગશે તેની ગુણવત્તા સામે મોટો પ્રશ્નાર્થ ચિહ્ન મુકાય છે. પ્રજાના સ્વાસ્થ્ય સાથે થતા આ ખુલ્લા ચેડા સામે માત્ર હંગામી લાયસન્સ આપવા કે નામના દંડ કરવાને બદલે તંત્ર કડક પગલાં ક્યારે ભરશે તે હવે જોવાનું રહે છે.

## ૩ વર્ષ પછી પણ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ અને 'હબ એન્ડ સ્પોક' સુવિધાથી વંચિત

# એરપોર્ટ પર ઈન્ટરનેશનલ ટેગ નકામું?

રાજકોટ, તા. ૨

હીરાસર સ્થિત રાજકોટ ગ્રીનફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટને કાર્યરત થયાને ત્રણ વર્ષ જેટલો સમય વીતી ગયો હોવા છતાં હજુ સુધી એક પણ ઈન્ટરનેશનલ ફ્લાઈટ શરૂ થઈ શકી નથી. એરપોર્ટ તમામ આંતરરાષ્ટ્રીય ધોરણો અને સુવિધાઓથી સક્ષમ હોવા છતાં માત્ર નામ પૂરતું જ 'ઈન્ટરનેશનલ' બનીને રહી ગયું છે, જેના કારણે સૌરાષ્ટ્રના પ્રવાસીઓ, ઉદ્યોગકારો અને એનઆરઆઈ સમુદાયમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે.




બીજી તરફ, દુબઈ, દોહા, સિંગાપુર અને ફ્રેન્કફર્ટ જેવા વિશ્વ વિખ્યાત એરપોર્ટ્સની તર્જ પર પ્રવાસીઓની કનેક્ટિવિટી સરળ બનાવવા માટે ગત એપ્રિલ માસમાં કેન્દ્રીય ઉડ્ડયન મંત્રાલય દ્વારા રાજકોટ સહિત દેશના ચાર એરપોર્ટ્સ (દિલ્હી, મુંબઈ, બેંગ્લોર)ને 'હબ એન્ડ સ્પોક' સિસ્ટમ પ્રોજેક્ટમાં સમાવવાની જાહેરાત કરવામાં આવી હતી. આ યોજના હેઠળ મુસાફરોના સામાનનું ઓટોમેટિક ટ્રાન્સફર થાય છે અને એરલાઈન્સ જાતે જ આગળની વ્યવસ્થા કરતી હોવાથી પ્રવાસીઓના ચેક-ઈન તથા ઈમિગ્રેશનના સમયની મોટી બચત થાય છે.

આ જાહેરાતથી સૌરાષ્ટ્રના વેપાર-ઉદ્યોગને મોટો વેગ મળવાની આશા જાગી હતી, પરંતુ કમનસીબે આ નિર્ણયનો અમલ હજુ સુધી રાજકોટ ખાતે થઈ શક્યો નથી. નવાઈની વાત એ છે કે જે અમદાવાદ એરપોર્ટનો આ મૂળ યોજનામાં સમાવેશ પણ નહોતો, ત્યાં અમૃતસર અને વારાણસી બાદ દેશનું ત્રીજું એરપોર્ટ બનાવીને કેન્દ્રીય મંત્રી રામમોહન નાયડુ દ્વારા આ સિસ્ટમનો શુભારંભ કરી દેવાયો છે.

અમદાવાદમાં આ સુવિધા શરૂ થઈ જતાં રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટના હિતો ઝુંટવાઈ ગયા હોવાના સ્પષ્ટ નિર્દેશો મળી રહ્યા છે. સ્થાનિક નેતાઓની નિરસતા અને વેપાર-ઉદ્યોગ સાથે સંકળાયેલી સંસ્થાઓએ પણ આ ગંભીર મુદ્દે મૌન સેવી લેતા સૌરાષ્ટ્રવાસીઓ આશ્ચર્ય વ્યક્ત કરી રહ્યા છે. તમામ સુવિધાઓ હોવા છતાં રાજકોટને 'હબ એન્ડ સ્પોક' સિસ્ટમ અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સનો વાસ્તવિક લાભ ક્યારે મળશે તે હવે એક મોટો પ્રશ્નાર્થ બની ગયો છે.

# મહેસુલ બાદ લેન્ડ રેકોર્ડઝ વિભાગમાં સંગ્રામ

## મુખ્યમંત્રીની મંજૂરી છતાં ગ્રેડ-પે ન મળતાં કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાળના મૂડમાં

રાજકોટ, તા. ૨

ગુજરાતમાં મહેસૂલી વર્ગ-૩ના કર્મચારીઓનું આંદોલન માંડ સમેટાયું છે, ત્યાં હવે જમીન દફતર (લેન્ડ રેકોર્ડઝ) શાખાના વર્ગ-૩ના કર્મચારીઓએ પોતાની વર્ષો જૂની પડતર માંગણીઓ મુદ્દે સરકાર સામે મોરચો માંડ્યો છે. સર્વેયર તથા સિનિયર સર્વેયરના ગ્રેડ-પેમાં સુધારો કરવા માટે ખુદ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી આપી દેવાઈ હોવા છતાં, આજદિન સુધી તેનો અમલ ન થતાં રાજ્યભરના તમામ જિલ્લાના કર્મચારીઓમાં ભારે અસંતોષ અને રોષની લાગણી ફેલાઈ છે. અગાઉ કર્મચારીઓએ હાથ ધરેલી 'પેન ડાઉન સ્ટ્રાઈક' બાદ વર્ગ-૧ અને ૨ના અધિકારીઓની મધ્યસ્થીથી સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકના અધ્યક્ષસ્થાને ૨૫ જુલાઈના રોજ એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કમિશનર દ્વારા હકારાત્મક અભિગમ દાખવી પ્રશ્નોના નિરાકરણની ખાતરી આપતી બેઠક નોંધ તૈયાર કરાતાં કર્મચારીઓએ હડતાળ પરત ખેંચી હતી.

પરંતુ આ ખાતરીઓ માત્ર કાગળ પર જ રહેતાં અને આજદિન સુધી કોઈ જ નક્કર ઉકેલ ન આવતાં કર્મચારી મંડળે ફરી આંદોલનાત્મક પગલાં ભરવાની ફરજ પડી છે. ગત ૧૧ સપ્ટેમ્બરના રોજ રાજ્યના તમામ જિલ્લા મંડળોના પ્રમુખોએ લેખિતમાં સંમતિ આપીને આરપારની લડાઈનું બિગુલ ફૂંક્યું છે. આ બાબતે કર્મચારી મંડળ દ્વારા રાજ્યના મુખ્યમંત્રી અને મહેસૂલ મંત્રીને આવેદનપત્ર પાઠવીને



કડક શબ્દોમાં રજૂઆત કરવામાં આવી છે કે જો આગામી ૩૦ દિવસની અંદર ગ્રેડ-પે સુધારા સહિતના પડતર પ્રશ્નોનું આખરી નિરાકરણ લાવવામાં નહીં આવે, તો સમગ્ર રાજ્યના જમીન દફતર ખાતાના વર્ગ-૩ના કર્મચારીઓ ગાંધી ચિંધ્યા માર્ગે જલદ આંદોલન શરૂ કરશે અને નાછૂટકે અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરી જશે, જેનાથી જમીન માપણી અને મહેસૂલી કામગીરી સંપૂર્ણપણે ઠપ્પ થવાની ભીતિ સેવાઈ રહી છે.

# ચૌધરી હાઈસ્કૂલ ખાતે રોમાંચક મટકી ફોડ સ્પર્ધા

## ઈતિહાસમાં પ્રથમ વખત જન્માષ્ટમી પર્વે RMCનું ભવ્ય આયોજન : તાલીમબદ્ધ સ્પેશિયલાઈઝ્ડ પિરામિડ મંડળી દ્વારા સાહસિક રજૂઆત

રાજકોટ, તા.૨

રંગિલા રાજકોટની સાંસ્કૃતિક, ધાર્મિક અને ઉત્સવપ્રિય પરંપરાને વધુ ભવ્યતા સાથે ઉજાગર કરવા તેમજ જન્માષ્ટમીના પાવન પર્વને અદ્ભુત ઉત્સાહ, ઉમંગ અને ભકિતભાવ સાથે ઉજવવાના હેતુથી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના ઈતિહાસમાં પ્રથમ વખત એક અનોખી અને ભવ્ય 'મટકી ફોડ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું છે. આગામી શુક્રવારના રોજ રાત્રે ૮:૦૦ થી ૧૧:૦૦ કલાક દરમિયાન ચૌધરી હાઈસ્કૂલ ગ્રાઉન્ડ ખાતે યોજાનારા આ મહોત્સવમાં પરંપરા, ભક્તિ, સંગીત, સાહસ અને મનોરંજનનો અનોખો સંગમ જોવા મળશે. આ રંગારંગ કાર્યક્રમ માટે તંત્ર દ્વારા ગત સપ્તાહે ટૂંકી ટેન્ડર નોટિસ પ્રસિદ્ધ કરી દેવામાં આવી હતી, જેના આધારે હાલ ચૌધરી હાઈસ્કૂલ ગ્રાઉન્ડ ખાતે મંડપ, લાઈટિંગ, ટાવર અને શોભાસજ્જા સહિતની કામગીરી પૂર્ણતાના આરે છે.

આ આકર્ષક સ્પર્ધામાં ભાગ લેનારી ગોવિંદા ટીમો માટે આકર્ષક ઈનામો જાહેર કરવામાં આવ્યા છે, તો સાથે જ મટકી ફોડનો આ રોમાંચક પ્રસંગ માણવા આવનારા તમામ નગરજનો માટે મનપા શાસકો દ્વારા 'ફરાળી પેટીસ'ના અનોખા પ્રસાદનું સુંદર આયોજન કરાયું છે. સ્પર્ધા દરમિયાન વિશેષ તાલીમબદ્ધ સ્પેશિયલાઈઝ્ડ પિરામિડ મંડળીઓ દ્વારા ઊંચા પિરામિડ રચીને મટકી ફોડવાની સાહસિક રજૂઆત કરવામાં આવશે, જે દર્શકોમાં ભારે રોમાંચ જગાડશે. આ સાથે સમગ્ર વાતાવરણને કૃષ્ણમય બનાવવા ડી.જે.ના તાલે કૃષ્ણ ભક્તિના ગીતો, ઓરકેસ્ટ્રા શો તેમજ ગીરના પ્રખ્યાત સીદી બાદશાહની ટીમ દ્વારા આદિવાસી 'ધમાલ રાસ'ની વિશેષ પ્રસ્તુતિ આકર્ષણનું કેન્દ્ર બનશે.

મટકી ફોડ સ્પર્ધામાં શહેરના વિવિધ વિસ્તારોમાંથી મહત્તમ મંડળીઓ જોડાય તે માટે મનપા દ્વારા વિનામૂલ્યે ઓનલાઈન (.ભિ.લજ્ઞદ.શક્ષ) અને ઓફલાઈન રજીસ્ટ્રેશનની સુવિધા ઉપલબ્ધ કરાવાઈ છે. મેયર ડો. નેહલ શુક્લ, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા સહિતના પદાધિકારીઓ અને શાસકો દ્વારા રાજકોટની ઉત્સવપ્રિય જનતાને આ ભવ્ય અને યાદગાર ઉત્સવમાં બહોળી સંખ્યામાં ઉમટી પડવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



### જન્માષ્ટમી મટકી ફોડ કાર્યક્રમના મુખ્ય આકર્ષણો

- સાંસ્કૃતિક અને મનોરંજક કાર્યક્રમો : ભવ્ય ઓરકેસ્ટ્રા શો તેમજ ગીરના પ્રખ્યાત સીદી બાદશાહની ટીમ દ્વારા પરંપરાગત આદિવાસી 'ધમાલ રાસ'ની રોમાંચક પ્રસ્તુતિ.
- સ્પેશિયલાઈઝ્ડ પિરામિડ મંડળી : વિશેષ તાલીમબદ્ધ ગોવિંદા ગ્રુપ દ્વારા સાહસ, ઉત્સાહ અને અદભૂત ટીમવર્ક સાથે મટકી ફોડની હાઈ-વોલ્ટેજ રજૂઆત.
- ડી.જે. અને કૃષ્ણ ભકિત : ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવને અનુરૂપ ડી.જે.ના તાલે લોકપ્રિય ભક્તિગીતો અને સંગીતની ધૂનોથી ભકિતમય માહોલ.
- ભવ્ય લાઈટિંગ અને શોભાસજ્જા : ચૌધરી હાઈસ્કૂલ ગ્રાઉન્ડ ખાતે રંગબેરંગી રોશની અને આકર્ષક થીમ આધારિત સજાવટ.
- રોમાંચક સ્પર્ધા અને ટીમવર્ક : વિવિધ ગોવિંદા મંડળીઓ દ્વારા ઊંચા માનવ પિરામિડ રચીને મટકી ફોડવાનું શારીરિક કૌશલ્ય અને રોમાંચક ક્ષણો.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# મોજે દરિયા, ફરે ગરિયા !

## રાજકોટના લોકમેળાની મસ્તી શરું,પણ સાવધાની ખૂબ જરૂરી



સૌરાષ્ટ્રના પાટનગર સમાન રાજકોટમાં જન્માષ્ટમીના પાવન પર્વ પર લોક ઉત્સવ સમાન ભાતીગળ લોકમેળાનો ભવ્ય પ્રારંભ થઈ ગયો છે. આ મેળો માત્ર મનોરંજન નથી, પરંતુ લોકસંસ્કૃતિ અને આનંદનો મહાસાગર છે. આ વર્ષે મેળામાં વરસાદના વિઘ્નની સંભાવના ખૂબ જ ઓછી હોવાથી લોકોમાં બમણો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પાંચ દિવસીય આ મહા ઉત્સવની મોજ માણવા માટે રેસકોર્સના મેદાનમાં જનમેદની ઉમટી પડી છે. લોકો મન મૂકીને મેળો માણવા ઉત્સુક છે. ખાણીપીણીના સ્ટોલ્સ પર ભારે ભીડ જામવા લાગી છે. રંગીલું રાજકોટ હવે આખુંય મેળાના રંગે રંગાઈ ગયું છે.

જોકે, આ આનંદની સાથે સ્વાસ્થ્ય અને સુરક્ષા અંગે ગંભીર સાવધાની રાખવી પણ ખૂબ જ જરૂરી બની ગઈ છે. મેળાના પ્રારંભ પૂર્વે ગુજરાતના આરોગ્ય પ્રધાને ખોરાકમાં ભેળસેળ કરનારા તત્વોને સખત શબ્દોમાં ચેતવણી આપી હતી. આમ છતાં, વેપારીઓ પર તેની કોઈ ખાસ અસર દેખાતી નથી. મેળાના ઉદઘાટનના ગણતરીના કલાકોમાં જ તંત્રની ટીમોએ ખાણીપીણીના સ્ટોલમાંથી અખાદ્ય ફૂડનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પશુ પણ ન ખાય તેવા સડેલા બટાટાનો નાશ કરવો પડ્યો છે. વાસી અને ગુણવત્તા વગરની વાનગીઓનું ખુલ્લેઆમ વેચાણ થઈ રહ્યું છે. તંત્ર સામે પણ આ અખાદ્ય ખોરાક રોકવો મોટો પડકાર છે.

રાજકોટનો આ લોકમેળો પાંચ દિવસમાં કરોડો રૂપિયાનું ટર્નઓવર કરશે. પરંતુ વેચાતી વસ્તુઓની ગુણવત્તા સામે અનેક મોટા સવાલો ઊભા થયા છે. તંત્રના ચેકિંગ છતાં અખાદ્ય ખોરાકનું વેચાણ ચાલુ જ રહે છે. જો આવી જ પરિસ્થિતિ રહેશે, તો આ લોકમેળો ટૂંક સમયમાં 'રોગમેળો' બની જાય તેવી પૂરેપૂરી સંભાવના છે. માત્ર તંત્રના ભરોસે બેસી રહેવાને બદલે લોકોએ પોતે પણ જાગૃત અને એલર્ટ રહેવું પડશે.

ખુલ્લામાં રાખેલો, વાસી કે ઈનસેનિટરી ખોરાક ખાવાનું ટાળવું જોઈએ. બાળકોની સુરક્ષા અને સ્વાસ્થ્યનું વિશેષ ધ્યાન રાખવું પડશે. મોજ-મસ્તી અને આનંદ ચોક્કસ કરો, પરંતુ પોતાની કાળજી રાખીને સાવધાનીપૂર્વક આગળ વધો. થોડીક બેદરકારી આખી ખુશીને બીમારીમાં ફેરવી શકે છે. સાવચેતી એ જ ઉત્સવની સાચી મજા છે.

# રાહુલની સભા, સિંઘવી ઈન્ચાર્જ

## વિદ્યાર્થીઓ પછી, કોંગ્રેસ હવે જનરલ ઝેડ વકીલોને આકર્ષશે, શું છે સંપૂર્ણ યોજના?



નવીદિલ્હી, તા. ૨

કોંગ્રેસ પાર્ટી જનતામાં પોતાનો દબદબો પાછો મેળવવા માટે કામ કરી રહી છે. પાર્ટી આ હાંસલ કરવા માટે સતત નવી પદ્ધતિઓ પર કામ કરી રહી છે. રાહુલ ગાંધી યુવાનોમાં, ખાસ કરીને જનરલ ઝેડમાં પોતાનો પ્રભાવ સ્થાપિત કરવા માટે સક્રિયપણે કામ કરી રહ્યા છે. તેઓ સતત યુવાનોને લગતા મુદ્દાઓ, જેમાં બેરોજગારીનો પણ સમાવેશ થાય છે, ઉઠાવી રહ્યા છે. હવે, આ સંદર્ભમાં, પાર્ટી હાઇકમાન્ડે વકીલોને પોતાની તરફ આકર્ષવા માટે એક ઝુંબેશ શરૂ કરી છે. પાર્ટી નેતૃત્વ હવે જનરલ ઝેડ વકીલોને આકર્ષવાની તૈયારી કરી રહ્યું છે. આ સંદર્ભમાં, કોંગ્રેસ લીગલ સેલના વડા અભિષેક મનુ સિંઘવીએ જનરલ ઝેડ વકીલોને આકર્ષવા માટે એક પાયલોટ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. તેમણે મંગળવારે આ ખાસ પ્રોજેક્ટ અંગે ભૂતપૂર્વ કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી સાથે પણ મુલાકાત કરી હતી. લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ કોંગ્રેસના કાનૂની વિભાગના વડા અભિષેક મનુ સિંઘવીના નેતૃત્વમાં અનેક વકીલો સાથે મુલાકાત કરી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, પાયલોટ પ્રોજેક્ટના ભાગ રૂપે, કોંગ્રેસ લીગલ સેલ દ્વારા ઈન્ટર્નશિપ માટે ૧૦ યુવાનોની પસંદગી કરવામાં આવી છે, જે ૧૦ પાર્ટી સાંસદો સાથે કામ કરશે. જોકે, આ યુવા વકીલો કોંગ્રેસના સભ્ય નથી. સૂત્રો કહે છે કે આ યુવા વકીલો કોંગ્રેસના સાંસદોને કાનૂની સહાય પણ પૂરી પાડશે. વધુમાં, જો ભવિષ્યમાં આ વ્યક્તિઓ કોંગ્રેસની નીતિઓ સાથે સંમત થશે, તો પાર્ટી તેમને પણ સભ્ય બનાવશે. ભવિષ્યમાં આ વ્યવસ્થા તમામ સાંસદો સુધી લંબાવવામાં આવશે.

એવું કહેવામાં આવી રહ્યું છે કે અભિષેક મનુ સિંઘવીએ રાહુલ ગાંધીને આ બાબતે ચર્ચા કરવા માટે ૧૫-૨૦ મિનિટનો સમય માંગ્યો હતો, પરંતુ જેમ જેમ ચર્ચા શરૂ થઈ, સમય મર્યાદા વધતી ગઈ અને ચર્ચા લગભગ સવા કલાક સુધી ચાલુ રહી. સૂત્રોના જણાવ્યા અનુસાર, વકીલોની ટીમ સાથેની તેમની મુલાકાત દરમિયાન રાહુલ ગાંધીએ ત્રણ મહત્વપૂર્ણ મુદ્દાઓ રજૂ કર્યા. પ્રથમ, કોંગ્રેસ પાર્ટીમાં દરેકના મંતવ્યો સાંભળવામાં આવે છે. ટીકાત્મક મંતવ્યોને પણ સ્થાન આપવામાં આવે છે. જો આપણે હિન્દુ ધર્મ વિશે વાત કરીએ, તો તે પણ એ જ કહે છે. આ રીતે રાહુલે હિન્દુ ધર્મની તેમની વિચારધારા પણ રજૂ કરી.

રાહુલે પોતાના સંબોધનમાં એમ પણ કહ્યું કે ગરીબો, દલિતો, આદિવાસીઓ, લઘુમતીઓ અને પીડિત લોકોને મદદ કરતા મુદ્દાઓ પર રાજકારણ કરવું જોઈએ. જો તમે રાજકારણમાં પ્રવેશવા માંગતા હો, તો આ દિશામાં કામ કરો. હમણાં જ કોઈ રાજકીય પક્ષમાં જોડાશો નહીં. ભવિષ્યમાં આ કાર્ય નક્કી કરો. તેમણે એમ પણ કહ્યું કે તમે બધા ભવિષ્યના વકીલ છો, તેથી આજે જ પ્રતિબદ્ધ થાઓ કે તમારા કાનૂની સમયનો થોડો ભાગ જરૂરિયાતમંદ અને ગરીબોને સમર્પિત કરો. અભિષેક મનુ સિંઘવીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું કે વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને કોંગ્રેસના કાયદા, માનવ અધિકાર અને છૂઈ વિભાગો તેમજ અમારા કાનૂની સાથીઓ વચ્ચે ઉત્સાહપૂર્ણ વાતચીત થઈ. આશાસ્પદ યુવા વકીલોના તીક્ષ્ણ પ્રશ્નો બંધારણ પ્રત્યે પક્ષની સહિયારી પ્રતિબદ્ધતા દર્શાવે છે.

# રામ મંદિર ટ્રસ્ટના CEO બન્યા પૂર્વ એર માર્શલ જિતેન્દ્ર મિશ્રા

## ઓપરેશન સિંદૂર દરમિયાન વેસ્ટર્ન એર કમાન્ડનું કર્યું'તું નેતૃત્વ



નવીદિલ્હી, તા. ૩

એર માર્શલ (નિવૃત્ત) જિતેન્દ્ર મિશ્રા શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના પ્રથમ મુખ્ય કાર્યકારી અધિકારી (સીઈઓ) બન્યા છે. તેઓ રામ મંદિરના વહીવટી, નાણાકીય અને કાનૂની સંચાલન માટે જવાબદાર રહેશે. સીઈઓનું પદ સંભાળતાં એર માર્શલ (નિવૃત્ત) જિતેન્દ્ર મિશ્રા ભાવુક દેખાયા. તેમણે પસંદગી સમિતિ, રામ મંદિર ટ્રસ્ટ અને ભગવાન શ્રી રામનો આભાર વ્યક્ત કર્યો. ભૂમિકા સંભાળતાં જિતેન્દ્ર મિશ્રાએ કહ્યું કે તેઓ આ જવાબદારીને એક વિશેષાધિકાર માને છે. તેમણે કહ્યું કે તેઓ આ પ્રસંગે સૌથી ભાગ્યશાળી વ્યક્તિ તરીકે અનુભવે છે. તેમણે સૌ પ્રથમ પોતાની ખુશી પોતાની માતા અને પરિવાર સાથે શેર કરી.

જિતેન્દ્ર મિશ્રાએ તેમની પસંદગી બદલ પસંદગી સમિતિનો આભાર વ્યક્ત કર્યો. તેમણે પસંદગી સમિતિનો આભાર વ્યક્ત કરતાં કહ્યું કે આ ખૂબ જ કઠોર પ્રક્રિયા હતી. તેમણે સમજાવ્યું કે ટ્રસ્ટ સાથે પરામર્શ કર્યા પછી, ટ્રસ્ટની પ્રાથમિકતાઓ નક્કી કરવામાં આવશે. તેમણે કહ્યું કે ટ્રસ્ટના ટ્રસ્ટ અને તેમની ટીમ સાથે, તેઓ રામ મંદિર માટે શક્ય તેટલું શ્રેષ્ઠ કાર્ય કરવાનો પ્રયાસ કરશે. ઓપરેશન સિંદૂરથી રામ મંદિર ટ્રસ્ટના સીઈઓ બનવા સુધીની તેમની સફરની ચર્ચા કરતી વખતે જિતેન્દ્ર મિશ્રા ભાવુક થઈ ગયા. તેમણે કહ્યું કે આ બધું ભગવાન શ્રી રામની ઈચ્છાથી જ શક્ય બન્યું છે. તેમણે કહ્યું કે તેઓ ભગવાનની ઈચ્છા વિના કંઈ કરી શકતા નથી; તેઓ ભગવાનના આદેશ મુજબ કાર્ય કરશે.

રામ મંદિર ટ્રસ્ટમાં થયેલી ચોરી અંગે, તેમણે કહ્યું કે કોઈ પણ કાર્યવાહી કરતા પહેલા ઈતિહાસમાંથી શીખવું જોઈએ. જોકે, તેમણે એમ પણ કહ્યું કે વ્યક્તિએ આગળ વધવું જોઈએ. તેમણે કહ્યું કે તેઓ ભગવાનને પ્રાર્થના કરે છે કે તેઓ આ જવાબદારી નિભાવવા માટે શક્તિ આપે. ટ્રસ્ટને સીઈઓ પદ માટે ૫,૫૦૦ થી વધુ અરજીઓ મળી હતી. ચકાસણી પછી, ત્રણ સભ્યોની શોધ સમિતિએ ત્રણ નામોની પેનલ રજૂ કરી, જેમાંથી મિશ્રાની પસંદગી કરવામાં આવી.

એર માર્શલ જિતેન્દ્ર મિશ્રાને રામ મંદિર ટ્રસ્ટના પ્રથમ મુખ્ય કાર્યકારી અધિકારી (સીઈઓ) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેઓ ભારતીય વાયુસેનાના નિવૃત્ત એર માર્શલ છે. એર માર્શલ જિતેન્દ્ર મિશ્રાએ પશ્ચિમી વાયુ કમાન્ડમાં સેવા આપી હતી. એર માર્શલ જિતેન્દ્ર મિશ્રાને ૧૯૮૬માં ભારતીય વાયુસેનામાં કમિશન આપવામાં આવ્યું હતું. તેમણે વાયુસેનામાં ફાઈટર પાઈલટ અને ટેસ્ટ પાઈલટ તરીકે સેવા આપી હતી, જેમાં ૩,૦૦૦ કલાકથી વધુ ઉડાનનો અનુભવ હતો.

## સ્માર્ટફોન રાખનારા ભક્તોએ તેને મંદિરના પ્રવેશદ્વાર પર ખાસ કાઉન્ટર પર જમા કરાવવાના રહેશે.

# તમિલનાડુના પર મંદિરોમાં મોબાઈલ પર પ્રતિબંધ

નવીદિલ્હી, તા. ૨

તમિલનાડુ સરકાર સતત અનેક મહત્વપૂર્ણ અને નવીન નિર્ણયો લઈ રહી છે. વિજયનગર સરકારે રાજ્યભરના પર મુખ્ય મંદિરોમાં સ્માર્ટફોન લઈ જવા અને ઉપયોગ કરવા પર પ્રતિબંધ મૂક્યો છે. આ નવા નિયમો મંગળવાર, ૧ સપ્ટેમ્બરથી અમલમાં આવ્યા છે. નવા આદેશ હેઠળ, સ્માર્ટફોન સાથે મંદિરોમાં આવતા ભક્તોએ તેમને નિયુક્ત કાઉન્ટર પર જમા કરાવવા પડશે. પ્રતિ ફોન ₹૫ ફી વસૂલવામાં આવશે, પરંતુ કેમેરા વગરના મોબાઈલ ફોનને અંદર લઈ જવાની મંજૂરી આપવામાં આવશે. આ પ્રતિબંધ હિન્દુ ધાર્મિક અને ચેરિટેબલ એન્ડોમેન્ટ્સ મંત્રી રમેશે જાહેર કર્યો હતો અને તે મદ્રાસ હાઈકોર્ટના અગાઉના નિર્દેશો અનુસાર છે. સરકારનો આ નિર્ણય ભક્તો, ખાસ કરીને યુવાનો દ્વારા મંદિર પરિસરમાં ફોટોગ્રાફી, રીલ બનાવવા અને વીડિયો રેકોર્ડ કરવા અંગે ઉઠાવવામાં આવેલી ચિંતાઓને પગલે લેવામાં આવ્યો છે, જે માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કરે છે.

એક નિવેદનમાં, રમેશે સ્પષ્ટતા કરી કે કેમેરા વગરના મોબાઈલ ફોનને મંદિરોમાં મંજૂરી આપવામાં આવશે. આ પ્રતિબંધનો હેતુ મંદિરોની અંદર અનધિકૃત ફોટોગ્રાફી અને વીડિયો રેકોર્ડિંગ અટકાવવાનો અને ભક્તો શાંતિથી પૂજા કરી શકે તે સુનિશ્ચિત કરવાનો છે. નવી સિસ્ટમ હેઠળ, સ્માર્ટફોન લઈને જતા ભક્તોએ તેમને મંદિરના પ્રવેશદ્વાર પર સમર્પિત કાઉન્ટર પર જમા કરાવવા પડશે. તેમને એક ટોકન આપવામાં આવશે, જે તેમને તેમના ફોન પરત કરતી વખતે પરત કરવાની જરૂર પડશે.

આ સિસ્ટમ ગઈકાલે, મંગળવારે સવારે ૬ વાગ્યે કાંચીપુરમના પ્રખ્યાત દેવરાજસ્વામી-અતિ વરદર મંદિરમાં અમલમાં આવી. ફોન એકત્રિત કરવા માટે બે કમ્પ્યુટર ઓપરેટર અને બે અન્ય લોકોને તૈનાત કરવામાં આવ્યા છે. જમા કરાવતી વખતે, ભક્તનો ફોટોગ્રાફ, મોબાઈલ ફોન મોડેલ અને ફોન નંબર રેકોર્ડ કરવામાં આવે છે, અને બદલામાં એક સ્લિપ આપવામાં આવે છે. પરત ફર્યા પછી, ચકાસણી પછી ફોન પરત કરવામાં આવે છે.



મંદિરની આસપાસ પાર્કિંગ વિસ્તારો અને અન્ય અગ્રણી સ્થળોએ બહુવિધ ભાષાઓમાં માહિતી બોર્ડ લગાવવામાં આવ્યા છે, જે ભક્તોને સ્માર્ટફોન પ્રતિબંધ વિશે માહિતી આપે છે. ઈર્છઈઊ વિભાગ જણાવે છે કે આ સૂચનાઓ લગભગ ચાર વર્ષ પહેલાં ૨ ડિસેમ્બર, ૨૦૨૨ ના રોજ મદ્રાસ હાઈકોર્ટની મદુરાઈ બેન્ચ દ્વારા જારી કરાયેલા આદેશ અનુસાર જારી કરવામાં આવી હતી. અગાઉના પરિપત્રમાં મંદિરોને ભક્તોને મોબાઈલ ફોન અંદર લઈ જવા પર પ્રતિબંધ મૂકવા અને તેમના સલામતી માટે વ્યવસ્થા કરવા માટે પણ નિર્દેશ આપવામાં આવ્યો હતો.

તિરુચેન્દુરના અરુલમિગુ સુબ્રમણ્ય સ્વામી મંદિરની અંદર સ્માર્ટફોનના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરતી સીતારામન દ્વારા દાખલ કરાયેલી જાહેર હિતની અરજી પર સુનાવણી કર્યા બાદ હાઈકોર્ટે આ આદેશ આપ્યો હતો. ઈર્છઈઊ દ્વારા જારી કરાયેલા પરિપત્રમાં જણાવાયું છે કે કેટલાક ભક્તો હજુ પણ મંદિર પરિસરની અંદર ફોટોગ્રાફ્સ લેવા, વીડિયો રેકોર્ડ કરવા, સેલ્ફી લેવા અને સોશિયલ મીડિયા માટે ટૂંકા વીડિયો અથવા રીલ્સ બનાવવા માટે મોબાઈલ ફોનનો ઉપયોગ કરી રહ્યા છે.

પરિપત્રમાં જણાવાયું છે કે આવી પ્રવૃત્તિઓ મંદિરોના શાંતિપૂર્ણ અને આધ્યાત્મિક વાતાવરણને ખલેલ પહોંચાડે છે અને અન્ય ભક્તોને ખલેલ પહોંચાડે છે. મંદિર વહીવટીતંત્રને મંદિરના પ્રવેશદ્વારો પર અને મંદિર પરિસરની બહાર સ્પષ્ટપણે બોર્ડ પ્રદર્શિત કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે જેમાં જણાવવામાં આવ્યું છે કે મોબાઈલ ફોનનો ઉપયોગ પ્રતિબંધિત છે. આ પ્રતિબંધ જાહેર સંબોધન પ્રણાલી દ્વારા પણ જાહેર કરવામાં આવવો જોઈએ. વિભાગે મંદિર સંકુલની અંદર દેવતાઓના ફોટોગ્રાફ્સ અને વીડિયો લેવા અને ધાર્મિક વિધિઓ રેકોર્ડ કરવા પર પણ પ્રતિબંધ મૂક્યો છે. એક અહેવાલ મુજબ, તેણે એવો પણ નિર્દેશ આપ્યો છે કે ટ્ઈક, સેલિબ્રિટી અથવા ફિલ્મ હસ્તીઓના ફોટોગ્રાફ્સ અથવા વીડિયોને મંજૂરી આપવી જોઈએ નહીં.

# શબ્દ બ્રહ્મ

## સદગુરૂ કૃપા હી કેવલમ્...

# શ્રાવણી સત્સંગ

## સૌનાં તનમનને શીતળ રાખતો શીતળા સાતમનો તહેવાર છે! પણ ૠતુ પ્રમાણે એને અનુસરવું!



હે દેવોના દેવ મહાદેવ.

સૌનાં હ્રદયમાં કરુણા રૂપે રહેલાં આપનાં સૌમિત્રી સ્વરૂપને મારા સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. રક્ષાબંધનનો તહેવાર જતાં જ તહેવારોની મોસમ શરૂ થઈ હોય એમ કાજળી, બોળ ચોથ, નાગ પાંચમ, રાંધણ છઠ્ઠ, અને આજે શીતળા સાતમ, અને જન્માષ્ટમીનાં તહેવારનો ઉત્સાહ લોક હ્રદયમાં હિલોળા છે! સુધરેલા સમાજને આમ તો હવે આવાં ઉત્સવની રાહ જોવી પડતી, અને વારેવારે કારણો ગોતી પાર્ટી કરતાં હોય છે,પણ પાર્ટી અને તહેવારમા ફેર છે! આવા તહેવાર પાછળ કોઈ પૌરાણિક કે ધાર્મિક કારણ પણ હોય છે, અને એટલે એમાં ભાવ પણ ભળે છે, અને એ હિસાબે જોકે પપ્પા કહેતા ટાઢું ખાવું એ ચોમાસાની ૠતુમાં હિતાવહ નથી, અને એટલે અમારાં ઘરમાં ટાઢું ખવાતું નથી. આ શ્રાવણ એ આપણે કલ્યાણ રૂપે શિવને હ્રદયમાં સ્થાપિત કરી સૌની માટે કલ્યાણ કેળવી શકીએ.. અને એટલે શિવ પુરાણમાં આગળ..

શત રુદ્ર સંહિતામાં મહાકાલનાં ૧૦ અવતારનું તથા એકાદશ રુદ્ર અવતારનું વર્ણન આવે છે. મહાકાલનાં દસ અવતાર અને તેની અર્ધાંગિની શક્તિનું અનન્ય સ્વરૂપને લઈને તંત્ર માર્ગની મુખ્ય સાધનામાં એની પૂજા આરાધના કે સાધના કરવામાં આવે છે! મહાકાલનાં પ્રથમ અવતારને મહાકાલ જ કહેવામાં આવે છે, અને એની શક્તિ મહાકાલી કહેવાય છે,જે ભોગ અને મોક્ષ તેમજ તમામ મનોકામના પૂર્ણ કરવા માટે સાધક મહાકાલની સાધના કરે છે. મહાકાલનો બીજો અવતાર તાર નામે ઉદઘાટિત થયો, અને તેની શક્તિ સ્વરૂપાનું નામ તારા છે, જે ભક્તિ મુક્તિના પ્રદાતા તેમજ પોતાનાં સેવકો માટે હંમેશા સુખદાયક વરદાન આપનારાં છે. બાલભુવનેશ નામનો મહાકાલનો ત્રીજો અવતાર એમાં બાલા ભુવનેશી નામે પરાઅંબા શક્તિનો પણ અવતાર થયો. જે સજ્જન દુર્જનનાં ભેદને પારખે છે, અને પછી સુખ તરફ તેની સદગતિ કરે છે. ચોથો મહાકાલ અવતાર ''ષોડસ શ્રી વિદ્યેશ'' અને ષોડસી શ્રીવિદ્યા શિવા નામે ઓળખાય છે જે સાધકોના વિદ્યા ના પંથે દોરી મોક્ષ પ્રદાયક છે. પાંચમો અવતાર ભૈરવ ! અને એની શક્તિનું નામ ભૈરવી ગિરિજા જે મનોકામના પૂર્ણ કરનારાં છે. મહાકાલનો છઠ્ઠો અવતાર છિન્ન મસ્તક નામે કહેવાય છે, અને એની શક્તિ છિન્નમસ્તા છે, અને જે શત્રુ બુદ્ધિનો વિનાશ કરનાર છે. મહાકાલનો સાતમો અવતાર ધૂમવાન છે, અને એમની પ્રિયા શિવા ધૂમાવતી થયાં, જે ઉપાસકોની શ્રેષ્ઠતમ લાલસા પૂર્ણ કરનારા છે. શિવ રુપે મહાકાલ નો આઠમો અવતાર બગલામુખ, અને એમની સખી શક્તિ આનંદદાયી બગલામુખી નામે તંત્ર માર્ગ માટે વિખ્યાત છે. નવમો અવતાર માતંગ નામે ઓળખાય છે અને સાધકની સંપૂર્ણ અભિલાષા ને પૂર્ણ કરનારા માતંગી કહેવાયા. મહાકાલનો દસમો કમલ અવતાર ભક્તિ મુક્તિ દાતાર અને કર્મ ફળને ભૂલીને ભક્તની ભીડ ભાંગે છે, અને એમની શક્તિ ગિરિજા કમલા કહેવાયા. નંદીશ્વર કહે છે હે મુનિઓ શંકરરૂપી મહાકાલના આદસે અવતારની કથા નિર્વિકાર ભાવે સાંભળે છે, અને એમની સેવાર્થના કરે છે, એમને એ નિત્ય વિવિધ પ્રકારનાં સુખ આપતા રહે છે, અને એમની શક્તિઓનો તંત્ર સાધનામાં અદભુત મહિમા છે, ભગવાન શિવ કે મહાકાલ નિર્લેપ અને અલિપ્ત છે, જ્યારે એમની અર્ધાંગિની શક્તિઓ સર્વકામ પ્રદ હોવાથી, નિત્ય દ્રુષ્ટોને દંડ દેનારી અને બ્રહ્મ તેજથી વિશેષ રૂપે સદા વૃદ્ધિ કરનારી છે.

ભગવાન નંદીશ્વર સનતકુમારને આગળ કહે છે, હે મુનિ હવે હું શંકર રુપી રુદ્રનાં એકાદશ અવતારોનું કથાનક કહું છું, એ તમે ધ્યાનથી સાંભળો, કારણ કે એનું શ્રવણ કરવાથી અસત્યથી પ્રેરિત જેટલા વિકારોનું પાપ છે, એ પણ પીડા પહોંચાડી શકતું નથી. પૂર્વકાલીન સમયની વાત છે, એકવાર ઈન્દ્ર અને બધાં દેવતા દૈત્યોથી પરાજિત થઈ અને સ્વર્ગ એટલે કે અમરાવતી છોડીને ભાગીને કશ્યપ ૠષિ પાસે આવી ગયા! કશ્યપ ૠષિને એમણે એમના દુઃખ દર્દ અને છીનવાઈ ગયેલા ભોગની વાત કહી! પણ કશ્યપ ૠષિ વૈરાગી હતાં! એટલે એમને બહુ દુઃખ થયું નહીં અને એ વિશ્વનાથની નગરી કાશી જતાં રહ્યાં અને એ ઉમા સહિત ભગવાન સર્વેશ્વર વિશ્વનાથ શિવની પૂજા અર્ચના કરવા લાગ્યા, અને એક શિવલિંગની સ્થાપના પણ કરી. પોતે તો વૈરાગી હતાં છતાં દેવતાઓના સુખ માટે શિવને આરાધતા હતાં. નિષ્કામ ભાવની ભક્તિથી ભગવાન પ્રસન્ન થયા અને વરદાન માંગવા કહ્યું, ત્યારે એમણે કહ્યું કે મહાબલી દૈત્યો એ દેવતાઓ નું રાજ છીનવી લીધું છે, એટલે આપ મારા પુત્ર બનીને દેવતાઓનું રાજ પાછું અપાવો અને એમ સૌ માટે આનંદદાતા બનો. ભગવાન શિવ એ એમને તથાસ્તુ કહ્યું.

કશ્યપ ૠષિ હરખભેર પોતાના નિવાસ્થાને પહોંચ્યાં, કશ્યપ ૠષિ બ્રહ્મા નાં માનસ પુત્ર હતા, એમને ૧૩ પત્ની હતી, અને એનાથી અદિતી થી એમને બાર આદિત્ય, અને ૩૩ મુક્કોડી દેવતા, દીતિ થી દૈત્ય વરુથીની થી ગરુડ કદ્રુ થી નાગ અને બ્રહ્માનાં મુખમાંથી નીકળેલી સુરભી ગાયથી એકાદશ રુદ્રનો જન્મ થયો આમ દેવ, દૈત્ય, નાગ, ગંધર્વ, ગરુડ જેવી કેટલીય પ્રજાતિનો વિસ્તાર થયો! માનવ અને ગાય ! વિચારવાથી પણ વિચિત્ર લાગે એવી વાત છે, પણ આ વાત પૃથ્વીનાં પ્રારંભ કાળની વાત છે, અને જ્યારે સમગ્ર સૃષ્ટિનાં નિર્માણ માટે વૈજ્ઞાનિક સિદ્ધાંતોથી પરે લાગે એવી ઘટના પણ ઘટી છે! પરંતુ અંતમાં આ કથાનક કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે કીડી હોય કે હાથી કે પછી અન્ય પ્રાણી, અંતે તો એ જીવ ઈશ્વર રૂપ શિવનું જ સંતાન છે ને !

સુરભીને પેટે અવતરેલ અગિયાર રુદ્રનાં નામ, કપાલી, પિંગલ, ભીમ, વિરૂપાક્ષ, વિલોહિત, શાસ્તા, અજપાદ, અહિબુર્ધન્ય, શંભુ, ચંડ, અને ભવ. આ અગિયારે અગિયાર રુદ્ર સુરભીનાં પુત્ર છે. એ તમામ કશ્યપ નંદન વીરવર બલ પરાક્રમી, એમણે સંગ્રામમાં દેવતાઓની સહાય કરીને દૈત્યોનો સંહાર કર્યો, અને દેવતાઓ નિશ્ચિંત થઈને પોત પોતાનાં રાજ ધર્મ અને ભોગ સુખ ભોગવવામાં વ્યસ્ત થઈ ગયાં પણ આજ સુધી એ અગિયાર રુદ્ર એમની રક્ષા માટે સદા સ્વર્ગમાં બિરાજમાન રહે છે.

આગળનાં અધ્યાયમાં દુર્વાસા અને હનુમંત અવતારની વાત આવે છે અને એમણે વિષ્ણુના રામાવતારમાં મદદ કરી હતી! એ વાત આપણે જાણીએ છીએ! બ્રહ્માજીનાં કહેવાથી અત્રિ ૠષિ અને અનસુયા પુત્ર કામનાર્થે ૠક્ષકુલ પર્વત પર જઈ ઘોર તપ કર્યું. એમના તાપથી પ્રસન્ન થઈને બ્રહ્મા વિષ્ણુ અને મહેશ્વર ત્રણે એમના આશ્રમ પર ગયા અને કહ્યું કે અમે ત્રણેય સંસારના ઈશ્વર છીએ અમારા હંસથી તમને ત્રણ પુત્ર થશે જે ત્રિલોકમાં વિખ્યાત તથા માતા પિતાનો યસ વધારનાર હશે બ્રહ્માજીના અંશથી ચંદ્રમાં થયા વિષ્ણુના અંશથી શ્રેષ્ઠ સંન્યાસ પદ્ધતિને પ્રચલિત કરનારા ભગવાન દત્ત થયા અને રુદ્ર અંશ થી મુનિવાર દુર્વાસા એ જન્મ લીધો, જે પોતાના રુદ્ર સ્વભાવને કારણે તેમજ પરીક્ષા કરવાના સ્વભાવને કારણે જગવિખ્યાત છે. પાત્ર કુપાત્ર જોયાં વગર અપરંપાર કૃપાનો વરસાદ વરસાવનારા ભગવાન મહાદેવનું ૠણ આપણે ચૂકવી શકવાના નથી! છતાં સૃષ્ટિમાં સકારાત્મક ઊર્જા વધતી રહે માટે એનાં જાપ કરતાં રહીએ. બોલો ૐ નમઃ શિવાય.

લી. ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### ઠેકઠેકાણે ચાલી રહ્યા છે જૂગારના પટલાઃ રાજકોટ ગ્રામ્યમાં વધુ નવા દરોડા

# પાંચ સ્થળે જુગાર દરોડાઃ ૩૬ ઝડપાયા

## પોલીસે સુલતાનપુર, ગોંડલ, ઢાંક, ધોરાજી, જામકંડોરણામાં દરોડા પાડી કાર્યવાહી કરી

રાજકોટ, તા.૦૧

રાજકોટઃ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં જૂગારની મોસમ પુરબહારે ખીલેલી રહે છે. રાજકોટ જીલ્લામાં જુગારના પાંચ દરોડા પાડી પોલીસે છત્રીસ પત્તાપ્રેમીઓને પકડી લીધા હતાં. જેમાં સુલ્તાનપુરમાં ૧૦, ગોંડલમાં ૮, ઢાંકમાં ૮, ધોરાજીમાં ૬ અને જામકંડોરણાના ધોળીધાર ગામે પતા ટીંચતા ૪ પકડાયા હતાં. વિગતો જોઇએ તો પ્રથમ દરોડામાં સુલતાનપુર પોલીસે સુલતાનપુર ગામે આવેલ દેવળકો નામથી ઓળખાથી સીમમાં આરોપી મેહુલ જીણાભાઇ ગોંડલીયા રહે. સુલતાનપુર તા.ગોંડલવાળાના કબ્જા ભોગવટાની વાડીના મકાનમાં રેઇડ કરી જુગાર રમતા મેહુલ જીણાભાઇ ગોંડલીયા ધંધો.ખેતી, લલીત અરજણભાઇ ભેસાણીયા ધંધો.ખેતી, રમેશ મગનભાઇ ગોંડલીયા ધંધો.ખેતી, રમેશ હીંમતભાઇ થડેશ્વર ધંધો.પ્રા.નોકરી, અશોક ઉર્ફે ગડો વલ્લભભાઇ ગોંડલીયા ધંધો.ખેતી, કમલેશ ગૌરીશંકરભાઇ દવે ધંધો.ખેતી, ભરત ભીમજીભાઇ વૈષ્ણવ ધંધો.ખેતી, રાજેશ લાલજીભાઇ ગોંડલીયા ધંધો.ખેતી મનસુખ બચુભાઇ હીરપરા ધંધો. ખેતી તથા વિનુ લીંબાભાઇ ગોંડલીયા ધંધો.ખેતી રહે.તમામ સુલતાનપુર તા.ગોંડલને રોકડા રૂા. ૪,૫૦,૦૦૦, ૭ મોબાઇલ તથા ૫ બાઇક મળી કુલ રૂા.૫,૭૦,૦૦૦ ના મુદામાલ સાથે ઝડપી લીધા હતા.

બીજા દરોડામાં ભાયાવદર પોલીસે ઢાંક ગામે પટ્ટી નામની સીમમાં આરોચી ચીમનભાઇની વાડીએ રેઇડ કરી જાહેરમાં જૂગાર રમતા વાડી માલીક ચીમન જેઠાભાઇ રાણપરીયા, રસિક જેઠાભાઇ રાણપરીયા, અમિતભાઇ નવનીતભાઇ રાણપરીયા, સહદેવ ચેતનભાઇ મકવાણા, ભીમજી ઉર્ફે કાનો દિનેશભાઇ મકવાણા, દર્શિત ભગવાનજીભાઇ ગેડીયા, કલ્પેશ મોહનભાઇ ભંડેરી તથા કરણ ચંદુભાઇ ગૌસ્વામી રહે. તમામ ઢાંક તા. ઉપલેટાને રોકડા રૂા. ૧૬,૧૮૦ અને ગંજીપતા સાથે ઝડપી લીધા હતાં.



ત્રીજા દરોડામાં ગોંડલ બી ડીવીઝન પોલીસે નેશનલ હાઇવે રાધીકા ફર્નીચર પાછળ રેઇડ કરી જાહેરમાં જૂગાર રમતા (૧) હિંમત જીણાભાઇ પટેલ ધંધો વેપાર રહે. ગોંડલ શાસ્ત્રીનગર, જેતપુર રોડ (૨) પરેશ ચંદુભાઇ જીવાણી ધંધો ખેતી રહે. પાટીદડ તા. ગોંડલ (૩) કેવન નરશીભાઇ ભાલોડીયા ધંધો પ્રા. નોકરી રહે. ગોંડલ ગુંદાળા રોડ વલ્લભવાટીકા સોસાટી (૪) ધર્મેશભાઇ અનિલભાઇ ઘેટીયા ધંધો વેપાર રહે. ગોંડલ ગુંદાળા રોડ વલ્લભવાટીકા સોસાયટી (૫) સોહમ વિનોદભાઇ ગરાળા ધંધો પ્રા. નોકરી રહે. ગોંડલ ગુંદાળા રોડ લક્ષ્મીનગર સોસાયટી, (૬) સુનીલ નટવરભાઇ ખાચર ધંધો ખેતી રહે. પાટીદડ ગામ તા. ગોંડલ, (૭) આમીર ઇસ્માઇલભાઇ સૈયદ ધંધો ડ્રાઇવીંગ રહે. ગોંડલ મોવીયા, રોડ, પશુ દવાખાના પાછળ તથા (૮) રાકેશ કિશોરભાઇ કણસાગરા ધંધો ખેતી રહે. ગોંડલ ગુંદાળા રોડ વલ્લભવાટીકા સોસાયટીને રોકડા રૂા. ૫૩,૦૦૦ અને ગંજીપતા સાથે પકડી પાડી કાર્યવાહી કરી હતી.

ચોથા દરોડોમાં જામકંડોરણા પોલીસે, ધોળીધાર ગામે રામપીરના મંદિર પાસે રેઇડ કરી જાહેરમાં જુગાર રમતા (૧) ખોડા ઉર્ફે હસમુખભાઇ રવજીભાઇ ચાવડા, ધંધો - ખેતી રહે. ધોળીધાર ગામ (૨) જયેશ હનુભાઇ જાદવ, ધંધો મંજુરી, રહે. ધોળીધાર ગામ, (૩) ભાયા ચનાભાઇ ચાવડા, ધંધો- મંજુરી, રહે. ધોળીધાર ગામ તથા (૪) હિરા રાજાભાઇ ચાવડા, ધંધો નિવૃત્ત, રહે. ધોળીધાર ગામ તા. જામકંડોરણાને રોકડ રૂા. ૧૫૪૦ અને ગંજીપત્તા સાથે ઝડપી લીધા હતા.

પાંચમા દરોડામાં ધોરાજી તાલુકા પોલીસે ધોરાજીથી વાલાસીમડી ગામ તરફ જતા રસ્તામાં ગેબનશાહ પીરની દરગાહ પાસે હરસુખભાઇ કરમશીભાઇ કેસીયાની વાડી પાસે આવેલા ઓરડીની બાજુમાં રેઇડ કરી ઝાડ નીચે જુગાર રમતા (૧) હરસુખભાઇ કરમશીભાઇ ઠેસીયા, ધંધો તેરી રહે. જીમ પ્લોટ વિસ્તારમાં ધોરાજી (૨) સુરેશભાઇ રામજીભાઇ ગધેથરીયા, ધંધો મંજુરી, રહે. હિરપરા વાડીમાં ધોરાજી (૩) જુમ્માભાઇ હમીરભાઇ સંધી ધંધો ફોટોગ્રાફી રહે. ઉપલેટા રોડ રાધાનગર ધોરાજી (૪) ધીરજલાલ હંસરાજભાઇ ઠેસીયા, ધંધો મંજુરી રહે. વઘાસીયા ચોરા પાસે ધોરાજી (૫) હિરેનભાઇ વજુભાઇ વેકરીયા, ધંધો - ખેતી રહે.જમનાવડ ગામ તા. ધોરાજી તથા (૬) નવિનભાઇ ગોવિંદભાઇ, ધંધો : વેપાર રહે. જમનાવડ રોડ ધોરાજીને રોકડા રૂા. ૫૭,૧૪૦ તથા ગંજીપત્તા સાથે પકડી પાડી કાર્યવાહી કરી હતી. આમ પાંચ સ્થળેથી છત્રીસ પત્તાબાજો પોલીસની ઝપટમાં આવી ગયા હતાં.

### દિકરી માટે લેપટોપ ખરીદવું હોઇ તેના નાણા લઇ વાંસજાળીયાથી રાજકોટ આવ્યા'તા

# સત્તર ગુનામાં સામેલ રિક્ષાગેંગનો રીઢો સાગરીત ધનજી ઉર્ફે ધનો ઝડપાયો

## બી-ડિવીઝન પોલીસે પચાસ હજારની ચોરીનો ભેદ ઉકેલ્યોઃ બીજા બે નામ ખુલતાં શોધખોળ

રાજકોટઃ રિક્ષામાં મુસાફરોને બેસાડી ઉલટી ઉબકાના નાટકો કરી ચોરી કરતી રીક્ષાગેંગ સમયાંતરે ઝળકતી રહે છે. તાજેતરમાં વાંસજાળીયાના એક ખેડુત રાજકોટ ભણતી દિકરી માટે લેપટોપ ખરીદવું હોઇ પચાસ હજારની રોકડ લઇ રાજકોટ આવ્યા ત્યારે તેમને રિક્ષાગેંગ ભેટી ગઇ હતી અને અડધો લાખ સેરવી લઇ ઉતારી મુક્યા હતાં. આ રિક્ષાગેંગના રીઢા સાગ્રીતને બી-ડિવીઝન પોલીસે પકડી રોકડ કબ્જે કરી હતી. આ શખ્સ અગાઉ સત્તર ગુનાઓમાં પોલીસ ચોપડે ચડ્યો હતો.



વિગતો જોઇએ તો શહેરના કુવાડવા રોડ પર રણછોડદાસબાપુના આશ્રમથી પટેલવાડી તરફ રોડ પર જામજોધપુર પંથકમાં આધેડ પેસેન્જર તરીકે રિક્ષામા બેસાડી ઉલ્ટી ઉબકાના બાને ખીસ્સામાંથી રૂા.૫૦ હજારની રોકડ સેરવી લેનાર રિક્ષા ચાલકને બી ડીવીઝન પોલીસે પકડી ફરાર બે આરોપીની શોધખોળ શરૂ કરી હતી. જામજોધપુરના વાંસજાલીયા ગામે રહેતા મહેન્દ્રભાઇ હમીરભાઇ મકવાણાને પેસેન્જર તરીકે રિક્ષામાં બેસાડી કુવાડવા રોડ પર ઉલ્ટી ઉબકાનુ બહાનુ કરી રિક્ષાગેંગ તેના ખીસ્સામાંથી રૂા. ૫૦ હજારની રોકડ સેરવી લેતા બી ડીવીઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઇ હતી.

આ મામલે બી-ડીવીઝન પોલીસ સ્ટેશનના ઇન્સપેક્ટર જી.આર.ચૌહાણના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એન.આર.ડોબરીયા, હેડ કોન્સ્ટબલ ક્રિપાલસિંહ જાડેજા, નરેશભાઇ ચાવડા, મહેશભાઇ કછોટ, કોન્સ્ટેબલ અજીતસિંહ પરમાર, જગદીશભાઇ વાંક, જગમાલભાઇ જાદવ, અને સુખદેવભાઇ દાતી સહિતના સ્ટાફે અલગ અલગ ટીમો બનાવી તપાસ કરી બાતમીના આધારે રિક્ષગેંગના રીઢા આરોપી ધનજી ઉર્ફે ધનો દેવજીભાઇ ગેડાણી (ઉ.વ.૪૪ રહે સાગરનગર, માર્કેટીંગ યાર્ડની પાસેને દબોચી લઇ રિક્ષા અને રોકડ મળી કુલ રૂા. ૪૧.૪૦ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો. જયારે પુછતાછમાં મોહિત દાનભાઇ ચૌહાણ અને સંજય જેશીંગભાઇ ચૌહાણ (રહે બને રાજકોટ)નું નામ ખુલતા પોલીસે તેની શોધખોળ શરૂ કરી છે. આરોપી ધનજી ઉર્ફે ધનો અગાઉ પણ ચોરી, દારૂ, જુગાર સહિત ૧૭ ગુનામાં પોલીસ ચોપડ ચડી ચુકયો હતો.

# દારૂની બોટલો-ચપલા સાથે ત્રણ પકડાયા

## આજીડેમ, પ્ર.નગર, બી-ડિવિઝન પોલીસની કાર્યવાહી



રાજકોટ, તા. ૦૨

રાજકોટઃ વિદેશી દારૂના દરોડામાં વધુ ત્રણ પકડાયા હતાં. આજીડેમ પોલીસે સ્વાતી પાર્ક રોડ પર, બી ડીવીઝન પોલીસે સંતકબીર રોડ પર અને પ્ર.નગર પોલીસે રેલનગરમાં દરોડા પાડી કાર્યવાહી કરી હતી. આજીડેમ પોલીસના જમાદાર પી. એ. ચિરોડીયા, કોન્સ્ટેબલ મનીષભાઇ રાઠોડ સહિતના સ્ટાફે સ્વાતી પાર્ક મેઇન રોડ પરથી મનીષ ભુપતભાઇ ફાંગલીયા (ઉ.વ. ૪૧ રહે. પટેલ પાર્ક સોસાયટી વોંકળા કાંઠે, કોઠારીયા મેઇન રોડ)ને ૧૦૬૦ ની દારૂની ૪ બોટલ સાથે પકડી લીધો હતો.

જ્યારે અન્ય દરોડામાં પ્ર.નગર પોલીસનાં હેડ કોન્સ્ટેબલ એન. પી. કુગસીયા, કોન્સ્ટેબલ જયપાલસિંહ જાડેજા સહિતના સ્ટાફે રેલનગરમાં કર્ણાવતી સ્કુલ પાસેથી જયપાલસિંહ સહદેવસિંહ જાડેજા (ઉ.વ. ૩૬ રહે. શિવમ પાર્ક-૩, આસ્થા ચોક, રેલનગર)ને દારૂના એક ચપલા સાથે પકડી લીધો હતો. ત્રીજા દરોડામાં બી ડીવીઝન પોલીસના જમાદાર વાય. એન. મકવાણા, કોન્સ્ટેબલ બાવલભાઇ પરનાળીયા સહિતના સ્ટાફે સંતકબીર રોડ પરથી કિરીટ ઉર્ફે લાલો પરસોતમભાઇ વિરડીયા (ઉ.વ. ૪૫ રહે. તાપસ સોસાયટી મેઇન રોડ, બાલાજી હોલ પાસે, નાનામવા સર્કલ નજીક, મુળ હડમતાલા, તા. ગોંડલ)ને દારૂની બે બોટલ સાથે પકડી લીધો હતો.

# પોલીસનો જૂગાર દરોડોઃ પાંચ પકડાયા

રાજકોટઃ રાજકોટ શહેરમાં પણ જૂગારના દરોડા યથાવત રહ્યા હતાં. જેમાં એક દરોડામાં રૈયા ધાર મેઇન રોડ પર આવેલાં સનસીટી એપાર્ટમેન્ટમાં ફલેટમાં યુનિવર્સિટી પોલીસે બાતમીના આધારે દરોડો પાડી જુગાર રમતા પાંચ પત્તાપ્રેમીને રૂા. ૧૪,૫૦૦ની રોકડ સાથે ઝડપી લઇ કાર્યવાહી કરી હતી. યુનિવર્સિટી પોલીસના પી.એસ.આઇ. આઇ. એ. બેલીમ, જમાદાર કિર્તેશભાઇ જરીયા સહિતે રૈયાધાર મેઇન રોડ પર સનસીટી એપાર્ટમેન્ટમાં આઠમાં માળે ફલેટ નં. ૮૦૪ માં જુગાર રમતા જાહીદ કાસમભાઇ પઠાણ (ઉ.વ. ૫૬ રહે. બજરંગવાડી



શેરી નં. ૧૧, જામનગર રોડ), હર્ષ જીજ્ઞેશભાઇ રાવલ (ઉ.વ. ૨૬, રહે. વર્ધમાનનગર-૪, પેલેસ રોડ), ખોડીદાસ ભરતભાઇ પરમાર (ઉ.વ. ૨૬ રહે. નવા કુંભારવાડા શેરી નં. ૧૨, કેનાલ રોડ) મોહિત રમેશભાઇ કકકડ (ઉ.વ. ૨૮ રહે. સત્યમ રીવર વ્યુ, ૮૦ ફુટ રોડ) અને અપુર્વ અતુલભાઇ હિરાણી (ઉ.વ. ૩૭ રહે. લોહાણાપરા મેઇન રોડ, મોચી બજાર પાસે) ને પકડી રૂા. ૧૪,૫૦૦ની રોકડ કબ્જે કરી હતી. યુનિવર્સિટીના પી.આઇ. કે. કે. ગોહીલની રાહબારીમાં ટીમે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

# સામુ જોવાની ના પાડી એમાં બાકાઝીકી : ત્રણને ઈજા

## કોઠારીયા શીવધામમાં શખ્સ ડેલીએ બેઠેલી મા-દિકરી સામે જોતો હોઇ ઠપકો દેતાં ન ગમ્યુંઃ પોતાના દિકરા, ઘરવાળી, પુત્રવધૂ સાથે મળી વાઇપરથી હુમલો કર્યો ને ધમકી પણ દીધી : મારામારીની બીજી ઘટનામાં આજકાલ તું બહુ હવામાં ફરે છે કહી એકને લાફા માર્યા, બીજાને ઝીંકાઇ છરીઃ ત્રણ નેપાળી સામે એફઆઇઆર દાખલ

રાજકોટ તા. ૦૨

રાજકોટઃ લોકો નાની નાની વાતે બાકાઝીકી પર ઉતરી આવતાં હોય છે. હવે સામુ જોવા મામલે ઠપકો આપતાં માથાકુટ થઇ હતી. શહેરના કોઠારીયા રણુજા મંદિર પાછળ શીવધામ સોસાયટીમાં યુવાનના માતા-પુત્રી ઘર બહાર ડેલીએ બેઠા હોઇ ત્યારે આ વિસ્તારમાં રહેતો શખ્સ સામે જોતો જોતો નીકળતાં તેને સામુ જોવાની ના પાડતાં બોલાચાલી બાદ આ શખ્સે પોતાના પરિવારના બીજા લોકોને બોલાવી હુમલો કરી પોતુ કરવાના વાઇપરથી તેમજ કમર પટ્ટાથી માર મારી માથે જતાં ખૂનની ધમકી આપતાં ફરિયાદ થઇ છે. હુમલામાં યુવાન તેમજ તેના માતા-બહેનને ઇજા થઇ હતી.

ઘટનાની વિગતો જોઇએ તો આ બનાવમાં આજીડેમ પોલીસે શીવધામ સોસાયટી-૨માં રહેતાં વીસ હર્ષ રાજેશભાઇ રાઠોડ નામના વીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી બાવકાભાઇ કુવાડીયા, હિતેષ કુવાડીયા, હિતેષના પત્નિ અને બાવકાભાઇના પત્નિ વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. હર્ષએ જણાવ્યું હતું કે તે પરિવાર સાથે રહે છે અને આજીડેમ ચોકડીએ સોડાની લારી રાખી ધંધો કરે છે, તેના પિતા કારખાનામાં કામ કરે છે. ત્રીસમીએ સાંજે તે સોડાની દૂકાને હતો ત્યારે તેના માતા રૂપલબેનનો ફોન આવ્યો હતો અને તેમણે શેરીની પાછળ રહેતા બાવકાભાઈ કુવાડીયા તથા તેમના પરિવાર સાથે માથાકૂટ થઈ હોવાનું જણાવ્યું હતું. જેથી હર્ષ તુરંત ઘરે પહોંચ્યો હતો. ત્યાં તેમની માતાએ ખુલાસો કર્યો હતો કે પોતે અને દિકરી ઓટલા પર બેઠા હતા ત્યારે બાવકાભાઈ કુવાડીયા સામે જોઈ જોઈને નીકળતા હતા.

દિકરીએ સામે જોઈને કેમ ચાલો છો? તેમ કહેતા જ બાવકાભાઈ એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને પોતાના પરિવારજનોને ફોન કરીને બોલાવ્યા હતા. ત્યારબાદ બાવકાભાઈ, તેમના પત્નિ, તેનો દિકરો હિતેષ, હિતેષના પત્નિ એમ ચારેય આવ્યા હતાં અને ઝપાઝપી કરી ગાળો આપવા લાગ્યા હતા. આ દરમિયાન બાવકાભાઈએ હર્ષનો શર્ટ પકડી ઢીકાપાટુનો માર મારી પોતુ કરવાના વાઇપરની સ્ટીક વડે હુમલો કર્યો હતો, જ્યાર હિતેષે કમરનો પટ્ટો કાઢીને માર માર્યો હતો. વચ્ચે છોડાવવા પડેલા હર્ષના માતા રૂપલબેનને પણ ધક્કો મારી નીચે પાડી દેવાયા હતા. આ ઉપરાંત આ બધાએ તમને જીવતા રહેવા દેવા નથી તેવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ મારમારીમાં હર્ષને ડાબા પડખામાં, ડાબા ખંભામાં તથા હાથની આંગળીઓમાં ઈજાઓ પહોંચતાં સારવાર લેવી પડી હતી. પીઆઇ એચ. એન. પટેલની રાહબરીમાં હેડકોન્સ. આર. ડી. ડાંગરે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.



મારામારીની બીજી ઘટના જોઇએ તો શહેરના કાલાવડ રોડ પર આવેલા એ.જી. ચોક નજીકના જાહેર બગીચા પાસે જૂની અદાવતનો ખાર રાખીને તને હમણા બહુ હવા આવી ગઇ છે તેમ કહી છરીથી હુમલો કરાયો હતો. ત્રણ શખ્સોએ ભેગા મળી એક યુવક અને તેના મિત્ર પર હુમલો કરી પીઠના ભાગે છરીનો ઘા મારી ઢીકાપાટુ પણ મારતાં સારવાર લેવી પડી હતી. વિગતો જોઇએ તો યુનિવર્સિટી પોલીસે અમીન માર્ગ પટેલ ભેળવાળી શેરીમાં બ્રિંદાવન બંગલોઝ પાસે રહેતાં મુળ નેપાળના ટીકાપુરના પચ્ચીસ વર્ષના મનોજ હર્કબહાદુર લોહારની ફરિયાદ પરથી સુશીલ, ગૌરવ ઉર્ફે હન્ટર અને નીશાન વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો.

વિગતો અનુસાર મનોજ નેપાળી ખાણીપીણીનો ધંધો કરે છે. તેણે ફરિયાદમાં જણાવ્યા અનુસાર ૩૧મીની રાત્રીના સાડા અગીયારેક વાગ્યે પોતે તથા ભાઇ મુકેશ અને તેનો મિત્ર વિક્કી પેરિયાર કાલાવડ રોડ પર આવેલા એ.જી. ચોક પાસે ક્રાઇસ્ટ સ્કૂલ સામેના બગીચા પાસે ગયા હતા. ત્યાં અગાઉથી જ તેમના જ નેપાળી સમાજના ગૌરવ ઉર્ફે હંટર, નિશાન અને સુશીલ નામના ત્રણ શખ્સો હાજર હતા. અગાઉ જૂના રેસકોર્સમાં મેળાવાળા મેદાન ખાતે થયેલી બોલાચાલીનો ખાર રાખીને સુશીલે-આજકાલ તું બહુ હવામાં ફરે છે તેમ કહી વિક્કી પેરિયારને ઝાપટ મારી દીધી હતી. ત્યારબાદ આ ત્રણેય શખ્સોએ ભેગા મળી વિક્કીને ઢીકાપાટુનો માર મારવાનું શરૂ કર્યું હતું.

આ વખતે મનોજ વચ્ચે પડતાં તેને પણ ઢીકાપાટુ મારી ગાળો દીધી હતી અને ગૌરવ તથા સુશીલે તેને તારે વિક્કી સાથે ફરવું નહિ, નહિતર તને પણ મારી નાંખશું તેમ કહી ધમકી દીધી હતી. આ વખતે સુશીલે છરી કાઢી મનોજના વાંસામાં ઘા મારી દીધો હતો. દેકારો થતાં લોકો ભેગા થતાં ત્રણેય ભાગી ગયા હતાં. મનોજને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો. તાલુકા પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર કે. કે. ગોહિલના માર્ગદર્શનમાં હેડકોન્સ. કરણભાઇ પી. મારૂએ ત્રણેય હુમલાખોરો વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

ચુડાસમા, એએસઆઇ જે. વી. ગોહિલ, હરપાલસિંહ જાડેજા, રાજેશભાઇ મિયાત્રા, હેડકોન્સ. ધર્મરાજસિંહ ઝાલા, હેમેન્દ્રભાઇ વાધીયા, શક્તિસિંહ ગોહિલ, સત્યજીતસિંહ જાડેજા, સહદેવસિંહ જાડેજા, કોન્સ. કુલદીપસિંહ ઝાલા, શીવભદ્રસિંહ ગોહિલ, મૈસુરભાઇ કુંભારવાડીયા, ગાંધીગ્રામ કોન્સ. હેતલબેને આ ગુનો .કેલ્યોહ તો.

### નવી જુની તરકીબોનો ઉપયોગ કરી સતત ગઠીયાગીરી આચરી રહ્યા છે સાયબર ગઠીયા

# આર્મીના નામે ઓર્ડર આપી વેપારી સાથે લાખોનુ ફ્રોડ

## બીજી ઘટનામાં બેંક કેવાયેસી બાકી છે કહી કર્મચારીની ઓળખ આપી એમ્બ્રોડરીના વેપારીને ગઠીયાઓએ પાંચ લાખનું ભરત ભરી દીધું

રાજકોટ, તા. ૦૨

રાજકોટઃ સાયબર ગઠીયાઓ એક ભુલો ત્યા બીજા બે ફ્રોડ આચરીને ઉભા હોય છે. રોજબરોજ લોકોને છેતરી લેતાં ગઠીયાઓનો વધુ બે પરાક્રમ પોલીસ ચોપડે ચડ્યા હતાં. જેમાં ડીફેન્સ બેંકના અધિકારીની ઓળખ આપી ગઠીયાઓએ આર્મી કેન્ટોનમેન્ટમાં બેટ બોલ મોકલવાનું કહી સવા ત્રણ લાખની ઠગાઇ કરી હતી. તો બીજી તરફ બેંક એકાઉન્ટના કેવાયસીના નામે વેપારીના પાંચ લાખ ઉસેડી લીધા હતાં. આ બંને ઠગાઇના બનાવોમાં સાયબર ક્રાઇમ પોલીસે તપાસ હાથ ધરી હતી.

વિગતો જોઇએ તો અમદાવાદમાં આ બંને ઠગાઇ થઇ હતી. સાયબર ગઠિયાઓ ડિફેન્સના અધિકારી અને ખાનગી બેંકના અધિકારી બની નાગરિકોને અલગ અલગ બહાના હેઠળ પૈસા ટ્રાન્સફર કરાવીને છેતરપિંડી કરતા હોવાના કિસ્સાઓ બની રહ્યા છે. શાહીબાગ વિસ્તારમાં રહેતા અને અસારવામાં સ્પોર્ટ્સના સાધનોનું વેચાણ કરનાર વેપારીને ૧૫ ઓગસ્ટના રોજ ગિટ માટે ૩૦ બેટ અને બોલના સાધનો આપવાના હોવાનું કહીને માલ મંગાવી લીધો હતો. ત્યારબાદ પેમેન્ટ થતું નથી જેથી અલગ અલગ પેમેન્ટ કરાવી કુલ ૩.૨૪ લાખ રૂપિયા બેન્ક એકાઉન્ટમાં મેળવી લીધા હતા. બીજા કિસ્સામાં નિકોલ વિસ્તારમાં રહેતા વેપારીને પણ બેંકના કર્મચારીની ઓળખ આપી કેવાયસીના નામે ડેબિટ કાર્ડની વિગતો મેળવીન રૂપિયા ૪.૫૭ લાખ રૂપિયા ઉપાડી લીધા હતા. પોલીસે બન્ને કિસ્સામાં ગુનો નોંધીને તપાસ શરૂ કરી હતી.

વિશેષ માીહતી અનુસાર શહેરના શાહીબાગ વિસ્તારમાં શુભ પ્રયોગ સોસાયટીમાં રહેતા અને અસારવામાં કેસીનો સ્પોર્ટ્સ નામથી વેપાર કરતાં પ્રદીપભાઇને દીપક પવાર નામના વ્યક્તિનો ફોન આવ્યો હતો અને પોતે આર્મી કેન્ટોનમેન્ટમાંથી વાત કરે છે તેમ કહી પંદર ઓગસ્ટના રોજ ગિટ આપવા ત્રીસ જોડી બેટ-બોલની તાત્કાલિક જરૂરિયાત છે. તેણે ડિફેન્સનું આઈકાર્ડ આધારકાર્ડ અને કેન્ટીનનું સ્માર્ટ કાર્ડ મોકલી અને કેન્ટોનમેન્ટના ગેટ નંબર એક પાસે સામાન લઈને આવી ફોન કરવા જણાવ્યું હતું.




આ પછી પ્રદીપભાઈ તેમની વિશ્વાસમાં આવી ગયા હતા અને ત્યારબાદ તેમણે ૮૪ હજારનો માલ મોકલી આપ્યો હતો. ત્યાં જઈને ફોન કરતા આ પેમેન્ટ માટે ઉપરી અધિકારી મેજર કુલદીપસિંહ તેમને મોકલી આપશે અને ત્યારબાદ તેઓએ પેમેન્ટ પ્રોસેસ કરવાના નામે પહેલા પાંચ રૂપિયા અને બાદમાં ૧૦ રૂપિયા મંગાવ્યા હતા. ૮૪૯૦૦નું તેઓએ પેમેન્ટ કરી દીધું છે ટેકનિકલ કારણોસર નથી બતાવતું એમ કહી અને બાદમાં બીજું ૧૪, ૯૦૦નું પેમેન્ટ કરાવડાવ્યું હતું. આ પછી વધુ એક વાર ટેકનિકલ કારણોસર પેમેન્ટ નથી બતાવતું તેમ કહી અને તેમની પાસેથી બીજા ૪૦,૦૦૦ પણ એકાઉન્ટમાં નંખાવ્યા હતા. આ રીતે કુલ ૨.૨૪ લાખ રૂપિયા આપ્યા હતા.

આ પૈસા કુલદીપસિંહે પરત કરી દીધા છે એમ કહી અને તેમને વોટ્સએપમાં પેમેન્ટ અંગેનો સ્ક્રીનશોટ મોકલ્યો હતો જેથી તેઓ વિશ્વાસમાં આવી ગયા હતા. પરંતુ ત્યારબાદ આ બાબતે તપાસ કરતા આર્મી કેન્ટોનમેન્ટમાં તપાસ કરાવતા આવા કોઈ વ્યક્તિઓ હોતા નથી અને તેઓ કોઈ માલ નથી મંગાવતા તેમ જાણવા મળતા સાઈબર ફ્રોડને લઈ તેઓએ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે તપાસ શરૂ કરવામાં આવી હતી.

બીજી ફ્રોડની ઘટના જોઇએ તો નિકોલ વિસ્તારમાં રહેતા અને મુક્તિધામ એસ્ટેટમાં એમ્બ્રોડરીનો વેપાર કરનારા હરેશભાઈ પાલડીયાના મોબાઈલ ફોન ઉપર ફોન આવ્યો હતો કે તેઓ ઈન્ડસ્ટંડ બેંકમાંથી વાત કરે છે અને તમારા બેંક એકાઉન્ટનું કેવાયસી બાકી છે જેથી ખાતું બંધ થઈ જશે. બેંકના કર્મચારી હોવાનું જાણવા વીડિયો કોલ કરાવ્યો હતો ત્યારે તેઓએ બેંકમાં જ હોવાનું દ્રશ્ય બતાવ્યું હતું અને પોતાનું આઈડી પ્રૂફ પણ વોટ્સએપ કરી આપ્યા હતા. જે બાદ ડેબિટ કાર્ડની વિગતો માંગવામાં આવતા તેમણે બેંક ડેબિટ કાર્ડની માહિતી આપી દીધી હતી.

આ પછી બે કલાક બાદ જ્યારે તેઓ એ તેમના બેન્ક એકાઉન્ટમાંથી અલગ અલગ ટ્રાન્જેક્શન થઈને રૂપિયા ૪.૫૭ લાખ રૂપિયા ઉપડી ગયા હોવાના મેસેજ આવ્યા હતા અને આધારકાર્ડના પણ ઓટીપી આવ્યા હતા જેથી તેમની સાથે સાઈબર ફ્રોડ થયું હોવાની જાણ થતા તેમણે આ મામલે સાયબર હેલ્પલાઈનની મદદ લીધી હતી. સમગ્ર મામલે કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ હતી. આમ સાયબર ગઠીયાઓ રોજબરોજ નવા જુના નુસ્ખાઓનો ઉપયોગ કરી લોકોને છેતરી લેવામાં સફળ થઇ રહ્યા છે. સાયબર ક્રાઇમ પોલીસ અને સમાચારના માધ્યમો તેમજ ડીજીટલ માધ્યમો મારફત પણ લોકોને આવા ફ્રોડથી સાવધ રહેવા સતત જાગૃત કરવામાં આવતાં હોય છે. આમ છતાં લોકો લપેટામાં આવીને નાણા ગુમાવી રહ્યા છે એ હકિકત છે.

# ડોસીમા સંચાલીત મીનીબારમાં ‘દેશી’ ઢીંચતા સાત ઝડપાયા

## કુબલીયાપરા મચ્છી ચોકમાં માજીએ દેવપરાના રસિક સાથે મળી ઘરની અગાસીએ ચાલુ કર્યુ હતું પીઠુઃ થોરાળા પોલીસે આ બંને સહિત નવ સામે ગુનો નોંધી દારૂ પણ કબ્જે કર્યો

રાજકોટ, તા.૩૧

રાજકોટઃ એક તરફ ભાવનગરમાં લઠ્ઠાકાંડમાં લોકોના મૃત્યુ થયા છે તેના કારણે વિદેશી દારૂની બજારમાં ખુબ મંદી આવી ગઇ છે. ગેરકાયદે બોટલો ચપલા વેંચનારા પાસે પણ માલ ખુટી પડ્યાની પ્યાસીઓમાં બુમરાળ છે. આ વચ્ચે હવે દેશી દારૂના મીનીબાર ચાલુ થઇ ગયા છે. શહેરના કુબલીયાપરામાં એક સિત્તેર વર્ષન ડોસીમાએ પોતાના ઘરમાં દેવપરાના એક પરિચીત શખ્સ સાથે મળી દેશી દારૂનું પીઠુ ખોલી મીનીબાર ચાલુ કર્યો હતો. થોરાળા પોલીસે દરોડો પાડી વૃધ્ધા તેમજ તેની સાથેના શખ્સ અને દારૂ પીવા આવેલા સાત શખ્સો મળી નવ જણા સામે ગુનો નોંધી કાર્યવાહી કરી દેશી દારૂ પણ કબ્જે કર્યો હતો.

વિગતો પર નજર કરીએ તો દારૂ જૂગારની પ્રવૃતિને ડામવા થોરાળા પોલીસ સ્ટેશનની ટીમ નાઇટ પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડકોન્સ. કિશોરભાઇ પરમાર, મેરૂભા ઝાલા, કોન્સ. નીતાબેન લીંબડીયાને બાતમી મળી હતી કે કુબલીયાપરા મચ્છી ચોક શેરી નં. ૫માં રહેતી મંજુલાબેન નામની વૃધ્ધા પોતાના ઘરમાં માણસો બોલાવી દારૂ પીવાની મહેફીલ માટે વ્યવસ્થા કરી આપે છે અને હાલમાં પણ મહેફીલ ચાલુ છે. આ બાતમી પરથી મોડી રાતે દરોડો પાડવામાં



આવ્યો હતો. પોલીસે ઘરમાં તપાસ કરતાં મંજુલાબેન હાજર હોઇ પુછતાછમાં પોતાનું પુરૂ નામ મંજુલાબેન ચંદુભાઇ પરમાર હોવાનું અને પોતાની ઉમર સિત્તેર વર્ષ હોવાનું જણાવ્યું હતું.

તેમજ અન્ય એક શખ્સ હાજર હોઇ તેની પુછતાછ થતાં પોતાનું નામ રસીક પ્રમેજીભાઇ રરજોડીયા (રહે. દેવપરા-૧ કોઠારીયા રોડ) જણાવ્યુ હતું. ઓગાણપચાસ વર્ષના રસિકની સાથે મળી મંજુલાડોસીએ આ પીઠુ કેટલાક દિવસથી ચાલુ કર્યુ હતું. પોલીસને તેના ઘરની અગાસી પરથી માણસોનો અવાજ આવતો હોઇ પોલીસ ત્યાં પહોંચતા કુંડાળુ વળીને સાત જણા દારૂ પીતા નજરે પડ્યા હતાં. તેના હાથમાં સફેદ કોથળીઓ હતી. વચ્ચે સીંગ દાળીયા, વેફરના ખોલેલા પેકેટ જોવા મળ્યાહ તાં. એક પ્લાસ્ટીકની ડોલમાં દારૂની કોથળીઓ ભરેલી જોવા મળી હતી. પોલીસે તપાસ કરતાં સાતેય શખ્સો દારૂ પીધેલા જણાયા હતાં.

સાતેય જણાના મોઢા દેશી દારૂની તીવ્ર ખાટી વાસથી ગંધાતા હતાં. પોલીસની પુછતાછમાં પોતાના નામ હાર્દિક પ્રદિપભાઇ સિંધવ (ઉ.વ.૨૭-રહે. રાધાક્રિષ્ના પાર્ક-૧, સાધુ વાસવાણી કુંજ રોડ રેલનગર), લાલા કિશોરભાઇ પીઠવા (ઉ.વ.૫૮-રહે. નિલકંઠ ટોકીઝ સામે આશાપુરા મેડીકલ નજીક કોઠારીયા રોડ), આસીફ અસફરભાઇ કુરેશી (ઉ.વ.૩૮-રહે. હૈદરી ચોક, લાખાજી રાજ સોસાયટી દુધસાગર રોડ શેરી નં. ૧), પ્રકાશ રમેશભાઇ અજાગીયા (ઉ.વ.૩૫-રહે. ગોકુલ પાર્ક-૫, કોઠારીયા રોડ મુળ ગામ શ્રીનાથગઢ ગોંડલ), સિકંદર બાબાખાન સમા (ઉ.વ.૪૪-રહે. હાથીખાના-૫), સોહિલ ગફારભાઇ મકવાણા (ઉ.વ.૩૮-રહે. રામનાથપરા-૫, વસીલા મંજીલ) અને કૌશલ પ્રકાશભાઇ મહેતા (ઉ.વ.૨૩-રહે. મેહુલનગર-૭, કોઠારીયા રોડ) જણાવ્યા હતાં. આ સાતેયની પુછતાછ કરવામાં આવતાં અહિ મંજુલાબેન અને તેની સાથેનો રસ્કિ ભેગા મળી દારૂ પીવડાવતા હોવાનું કબુલ્યું હતું.

પોલીસે ડોલમાંથી રૂા. ૬૦૦નો ૩ લિટર દારૂ કબ્જે કર્યો હતો. મંજુલાબેન અને રસિક સામે ઘરની આગસીએ દારૂનું પીઠુ ખોલી માણસો ભેગા કરી દારૂ વેંચવાનો અને બાકીના ૭ વિરૂધ્ધ દેશી દારૂની મહેફીલ માણવાનો ગુનો નોંધી ધરપકડ કરવામાં આવી હતી. થોરાળા પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર એસ. પી. સોઢાના માર્ગદર્શનમાં પીએસઆઇ ટી. ડી. જાડેજા અને ટીમે આ દરોડો પાડ્યો હતો. ડોસીમાએ પૈસાની લાલચમાં રસીકને પોતાના ઘરનો દેશી દારૂના પીઠા માટે ઉપયોગ કરવા દીધાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું હતું.

### રાજકોટના ગઢકામાં બનાવઃ અમરલીના વૃધ્ધા પતિ-દિકરા સહિતની સાથે ધ્વજા મહોત્સવ-ધૂન-પ્રસાદનો લાભ લેવા ગયા હતાંઃ આજીડેમ પોલીસે તપાસ શરૂ કરી

# વૃધ્ધાના ગળામાંથી ગાયબ થયો સવા ત્રણ લાખનો ચેઇન

રાજકોટ, તા. ૦૨

રાજકોટઃ તહેવાર નજીક આવે ત્યારે ચોર ગઠીયા ચિલઝડપકારો અને લૂંટારાઓ ઉપાડો લઇ લેતાં હોય છે. આવા સમયે આવા ગુનેગારો પોતાની કામગીરીનો ગ્રાફ વધારી દેતાં હોય છે. જ્યાં પણ ભીડ જામે ત્યાં આવા ગઠીયાઓ પહોંચી જતાં હોય છે. દરમિયાન રાજકોટ તાલુકાના સરધાર નજીક ગઢકા ગામે આવેલ દ્વારકાધીશ મંદિરે યોજાયેલા ધ્વજા મહોત્સવ દરમિયાન ભીડનો લાભ ઉઠાવી કોઇ લેભાગુએ અહિ ધર્મોત્સવમાં સામેલ થયેલા અમરેલીના વૃધ્ધાના ગળામાંથી રૂપિયા ત્રણ લાખ પંદર હજારની કિમતનો સોનાનો ચેઇન સેરવી લીધો હતો. પોલીસે આ મામલે એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી.



વિગતો પર નજર કરીએ તો આજીડેમ પોલીસે અમરેલીમાં શામજીનગર શેરી નં. ૧ લાઠી રોડ પર રહેતાં કિરણબેન ચુનીલાલ આખજા નામના સાંઇઠ વર્ષના વૃધ્ધાની ફરિયાદ પરથી ગુનો નોંધ્યો હતો. કિરણબેન પરિવાર સાથે રહે છે. તેમણે જણાવ્યું હતું કે તેમના જેઠની દિકરી વૈશાલીબેન રાજકોટના ગઢકા ગામે સાસરે છે. પોતે અઠ્ઠાવીસ ઓગષ્ટના રોજ ગઢકા જમાઈ કલ્પેશભાઈ ગીરધરભાઈ કલોલાના ઘરે આવ્યા હતા. ગઢકા ગામે આવેલ દ્વારકાધીશ મંદિરે ધ્વજા આરોહણ, ધૂન અને પ્રસાદ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં સામેલ થયા મંદિરે દર્શન કરવા માટે કિરણબેન તેમના પતિ, પુત્ર દીપકભાઇ અને પરિવારજનો એમ બધા મંદિરે દર્શનાર્થે ગયા હતા. મંદિરે યોજાયેલા કાર્યક્રમમાં મોટો જનમેદની એકઠી થઈ હતી. બપોરે આશરે એક વાગ્યે કાર્યક્રમ પુર્ણ થયા બાદ પરિવાર ગાડી તરફ જઈ રહ્યો હતો ત્યારે કિરણબેનના નણંદ લીલીબેનની નજર તેમના ગળા પર પડતા સોનાનો ચેઇન ગાયબ હોવાનું માલુમ પડ્યું હતું.

વૃધ્ધા કિરણબેને ગળામાં પહેરેલ અઢી તોલા આશરે પચ્ચીસ ગ્રામ વજનનો સાંકળીવાળો સોનાનો ચેઇન રૂપિયા ૩,૧૫,૦૦૦નો કોઇએ ભીડનો લાભ ઉઠાવી સેરવી લીધો હતો. આ અંગે કિરણબેને પોતાના પુત્ર સાથે આજીડેમ પોલીસ સ્ટેશન પહોંચી જાણ કરતાં પીઆઇ એચ. એન. પટેલના માર્ગદર્શનમાં એએસઆઇ અશોકભાઇ બી. કલાલે એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી. આ પ્રકારના બનાવો અવાર-નવાર ભીડભાડવાળા સ્થળોએ ધાર્મિક સ્થાનોએ બનતા રહે છે. શક્ય હોય તો આવા દિવસોમાં ભીડમાં જવાનું થાય ત્યારે દાગીના ઘરે મુકીને જવું જોઇએ અથવા તો ઉતારીને સુરક્ષીત રીતે પર્સમાં મુકી દેવા જોઇએ.

### જન્મ લેનારના મૃત્યુ નિશ્ચીત હોય પણ અકાળે આવતાં પરલોકના તેડા આપી જાય કારમો આઘાત

# બહેન બોલાવવા ગઇ ત્યારે ભાઇ લટકતો મળ્યો!

## આંબેડકરનગરના અઠ્ઠાવીસ વર્ષના યુવાનને સારવારમાં ખસેડાયો પણ દમ તોડી દીધોઃ આધારસ્તંભના આપઘાતની પરિવારમાં કલ્પાંતઃ બે ઘટનામાં દિલની દગાખોરીથી યુવાન અને આધેડના જીવ ગયાઃ એક યુવાનનું બેભાન થયા બાદ મોત

રાજકોટ, તા. ૦૧

રાજકોટઃ આત્મહત્યા, અપમૃત્યુના બનાવોનો કરૂણ સિલસિલો જળવાઇ રહ્યો હતો. વધુ એક પરિવારના યુવાન અને આધારસ્તંભ એવા અઠ્ઠાવીસ વર્ષના દિકરાએ ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. બીજી ઘટનામાં એક યુવાનનું અને એક આધેડનું દિલની દગાખોરીને કારણે મૃત્યુ થયું હતું. તો એક યુવાનનું બેભાન હાલતમાં મોત થયું હતું. પાંચમી ઘટનામાં એક વર્ષના બાળકનું તાવ શરદી થયા બાદ મોત થયું હતું.

વિગતો પર નરજ કરીએ તો કાલાવડ રોડ પર આંબેડકરનગરમાં રહેતાં અઠ્ઠાવીસ વર્ષિય યુવાને ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે. સાંજે જમવા માટે બહેન ઉપરના માળે ભાઇને બોલાવવા ગઇ ત્યારે તે લટકતી હાલતમાં મળ્યો હતો.કાલાવડ રોડ જડુસ ફૂડ ફિલ્ડ પાછળ આંબેડકરનગરમાં રહેતાં રાહુલભાઇ રમેશભાઇ પરમાર નામના યુવાને સાંજે ઉપરના માળે ચૂંદડીથી ગળાફાંસો ખાઇ લેતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ ટુંકી સારવાર બાદ દમ તોડી દેતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે તાલુકા પોલીસને જાણ કરી હતી. આપઘાત કરનાર રાહુલભાઇ એક બહેનથી મોટો અને માતા-પિતાનો એકનો એક આધારસ્તંભ હતો. તે પિતા સાથે કડીયા કામ કરી ગુજરાન ચલાવતો હતો. સગાના કહેવા મુજબ સાંજે રાહુલભાઇના માતા-પિતા ખરીદી કરવા ગયા હતાં અને નાની બહેન જાગૃતિબેન નીચેના રૂમમાં હતાં.

માતા પિતા આવી ગયા બાદ જમવા બેસવાનું હોઇ બહેન ઉપરના માળે ભાઇને બોલાવવા ગઇ ત્યારે દરવાજો ખખડાવવા છતાં ખોલતો ન હોઇ બારીમાંથી તપાસ કરતાં તે લટકતી હાલતમાં દેખાતા બહેને ચીસાચીસ કરી મુકી હતી. પરિવારના બીજા સદસ્યો, પડોશીઓ એકઠા થઇ ગયા હતાં અને રાહુલભાઇને બેભાન હાલતમાં નીચે ઉતારી સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. પરંતુ અહિ મૃત્યુ થયું



હતું. રાહુલભાઇને આપઘાત કરવો પડે તેવુ કોઇ કારણ નહિ હોવાનું સગાએ કહ્યું હતું. તાલુકા પોલીસ મથકના હેડકોન્સ. કિશનભાઇ અજાગીયાએ ગુનો નોંધી તપાસ યથાવત રાખી હતી.

અપમૃત્યુની બીજી ઘટના જોઇએ તો બાબરાના લોનકોટડા ગામે રહેતાં વિનુભાઇ મેઘાભાઇ ચાવડા નામના છત્રીસ વર્ષના યુવાનની તબિયત બગડતાં બાબરા, અમરેલી હોસ્પિટલમાં સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. વિનુભાઇ બે બહેનના એકના એક વચેટ ભાઇ હતાં અને ખેતી કરી ગુજરાન ચલાવતાં હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. હ્દય રોગનો હુમલો આવી ગયાનું સગાએ કહ્યું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે બાબરા પોલીસને કરી હતી. ત્રીજી ઘટનામાં પણ દિલની દગાખોરી કારણભુત બની હતી. માયાણીનગર નજીક ચામુંડાનગરમાં રહેતાં હસમુખભાઇ ભીખાભાઇ શુકલ નામના અડતાલીસ વર્ષના આધેડ ઘરે બેભાન થઇ જતાં સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તે ત્રણ ભાઇ અને એક બહેનમાં વચેટ હતાં. સંતાનમાં ત્રણ દિકરી છે. પોતે બાંધકામ કોન્ટ્રાક્ટર તરીકે કામ કરતાં હતાં. હાર્ટએટેક આવી ગયાનું સગાએ કહ્યુ હતું.

જ્યારે ચોથા બનાવમાં થોરાળા ગોપાલ કુંડ ચોકમાં રહેતાં પાંત્રીસ વર્ષના દિનેશભાઇ કરસનભાઇ ભુવા ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તે ત્રણ ભાઇ અને એક બહેનમાં બીજા હતાં અને છુટક મજૂરી કરતાં હતાં. ટીબીની બિમારી હોવાનું સગાએ કહ્યું હતું. આ બનાવોની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટફો માલવીયાનગર અને થોરાળા પોલીસને કરતાં પોલીસે મોતનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

પાંચમી ઘટનામાં મેટોડા જીઆઇડીસીમાં રહેતાં શ્રમીક પરિવારના એક વર્ષના બાળકનું તાવ-શરદીથી તબીયત બગડ્યા બાદ મોત થઇ ગયું હતું. મેટોડા જીઆઇડીસી ગેઇટ-૧માં આવેલા સપના મેટલ નામના કારખાના પાસે રહેતાં મુળ બિહારના હરિરામ કુમારના પુત્ર દિવ્યાંશ કે જે એક વર્ષનો હતો તેને બે ત્રણ દિવસથી તાવ આવતો હોઇ અને શરદી થઇ ગઇ હોઇ દવા લીધી હતી. ગઇકાલે અચાનક બેભાન જેવો થઇ જતાં રાજકોટ ઝનાના હોસ્પિટલના બાળકોના વિભાગમાં દાખલ કરાયો હતો. પરંતુ અહિ મૃત્યુ થયું હતુ. તે બે ભાઇમાં મોટો હતો. પિતા કંપનીમાં કામ કરે છે. હોસ્પિટલ મારફત જાણ થતાં મેટોડા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. આમ પાંચ પરિવારોએ તહેવારના ખુશીના દિવસોમાં સ્વજનો ગુમાવતાં માતમ છવાઇ ગયો હતો.

ગામોગામ વસવાટ કરતાં હોય છે આવા વિકૃત હવસખોરોઃ વાલીઓએ જાગૃત રહેવાની જરૂર

# બાળાને સલૂનમાં પુરી બિભત્સ ચાળા

## રમાડવાના બહાને સલૂનમાં લઇ ગયોઃ હવસખોરે હલકટ હરકતનો વિડીયો પણ બનાવ્યોઃ બીજી ઘટનામાં નર્સનું ફેક આઇડી બનાવી ફોટા-વિડીયા ભત્રીજાને મોકલી દીધા

રાજકોટઃ વિકૃત હવસખોરો કોઇપણ હદ સુધી જઇ શકે છે. આવા લેભાગુઓ માસુમ બાળકીઓને પણ છોડતા હોતા નથી. વધુ એક આવી ધૃણાસ્પદ ઘટના સામે આવી હતી. જેમાં એક સલૂનના વિકૃત સંચાલકે સાત વર્ષની બાળાને સલૂનમાં પુરી બીભત્સ અડપલા કરી અશ્લીલ વિડીયો પણ બનાવી નાંખ્યો હતો. તેની આ વિકૃત હરકતની બાળાએ પરિવારજનોને જાણ કરતાં પોલીસે શ્રમિક પરિવારની આ બાળાના વાલીની ફરિયાદને આધારે પોક્સો હેઠળ કાર્યવાહી કરી હવસખોરને સકંજામાં લઇ હવસખોરી ઉતારી નાંખવાની કાર્યવાહી કરી હતી.

વિગતો પર નજર કરીએ તો આ ઘટના વડોદરા શહેરમાં બની છે. આવા હવસખોરો ઠેકઠેકાણે વસવાટ કરતાં હોય છે જેથી વાલીઓએ પોતાના સંતાનોને આવા હવસખોરોનો શિકાર થતાં બચાવવા જાગૃત રહેવું જરૂરી છે. વિગતો જોઇએ તો સાત વર્ષની માસૂમ સગીર બાળકી સાથે સલૂન સંચાલક દ્વારા શારીરિક અડપલાં કરી અશ્લીલ વીડિયો બતાવવાની અત્યંત શરમજનક અને ચકચારી ઘટના સામે આવી હતી. પીડિત બાળકીના શ્રમિક પરિવાર દ્વારા આ મામલે રાવપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવતાં પોલીસે તાત્કાલિક ધોરણે પોક્સો એક્ટ સહિતની કડક કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો. પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરીને ગણતરીના કલાકોમાં જ મૂળ બિહારના



પચ્ચીસ વર્ષીય આરોપી યુવકની અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી કરી હતી.

વધુ માહિતી જોઇએ તો વડોદરા શહેર વિસ્તારમાં ભોગ બનનાર સાતેક વર્ષની માસૂમ બાળકી પોતાના શ્રમિક પરિવાર સાથે રહે છે. આ જ વિસ્તારમાં વાળંદ તરીકે સલૂન ચલાવતો અને મૂળ બિહારનો વતની પચ્ચીસ વર્ષીય રાજેશ ઠાકુર નામનો શખ્સ બાળકીને એકલતાનો લાભ ઉઠાવી પોતાના તાબામાં લઈ ગયો હતો. આરોપીએ બાળકીના શરીર પર હાથ ફેરવીને ગંભીર શારીરિક અડપલાં કર્યા હતા તેમજ પોતાના મોબાઈલ ફોનમાં અશ્લીલ વીડિયો બતાવી ગંદી હરકતો આચરી હતી. આ વિકૃત ઘટના બાદ ડરી ગયેલી માસૂમ બાળકીએ ઘરે પહોંચીને પોતાના પરિવારજનો સમક્ષ સમગ્ર બનાવ અંગે રડતાં રડતાં આપવીતી વર્ણવી હતી.

બાળકીની વાત સાંભળીને પરિવારજનો સ્તબ્ધ થઈ ગયા હતા અને તેમણે જરાય વિલંબ કર્યા વિના તાત્કાલિક રાવપુરા પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધી આરોપી વિરુદ્ધ લેખિત ફરિયાદ નોંધાવી હતી. બાળકી સાથે થયેલા ગંભીર ગુનાની સંવેદનશીલતાને ધ્યાને રાખીને રાવપુરા પોલીસે -ોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સિસ એક્ટ તેમજ છેડતી અને શારીરિક અડપલાં સંબંધિત કાયદાકીય કલમો હેઠળ ત્વરિત ગુનો નોંધ્યો હતો. પોલીસે તાત્કાલિક દરોડો પાડી આરોપી રાજેશ ઠાકુરની અટકાયત કરી લીધી હતી. અને તેનો મોબાઈલ ફોન જપ્ત કરી આગળની ડાણપૂર્વકની ફોરેન્સિક તેમજ કાયદેસર તપાસ હાથ ધરી હતી. આ ઢગાએ બીજા કોઇ બાળકોને તો હવસખોરી વિકૃતિનો શિકાર બનાવ્યા નથી ને? તેની પણ તપાસ શરૂ કરવામાં આવી હતી.

અન્ય એક બનાવ જોઇએ તો અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં ફેક આઈડી બનાવી યુવતીને હેરાન કરી બદનામ કરવાની બે ફરિયાદ નોંધાઈ છે. વસ્ત્રાલમાં સિવિલની નર્સનું ફેક આઈડી બનાવી શખસે તેના ભત્રીજાને ફોટા અને મેસેજ કરીને બદનામ કરી હતી. જ્યારે કાગડાપીઠમાં યુવતીનું ફેક આઈડી બનાવી શખસે બીભત્સ ફોટા અને મેસેજ કરીને ત્રાસ આપતો હતો. બંને બનાવમાં પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી હતી. વસ્ત્રાલમાં રહેતી તેત્રીસ વર્ષીય યુવતી સિવિલ હોસ્પિટલમાં નર્સ તરીકે નોકરી કરે છે.

તેમના ભત્રીજાને યુવતીનું ફેક આઈડી બનાવી તેના ફોટા અને યુવતીના બિભત્સ મેસેજ કર્યા હતા. જેથી ભત્રીજાએ નર્સ કાકીને જાણ કરી હતી. જેથી તપાસ કરતા યુવતીના ફોટા વોટ્સએપ અને સોશિયલ મીડિયા પરથી લઈને ભત્રીજાને શખસે મોકલ્યા હોવાનું સામે આવ્યું હતું. આ અંગે યુવતીએ અજાણ્યા શખ્સ સામે રામોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફેક આઇડી બનાવી આવુ કૃત્ય આચરનારને શોધવા તજવીજ હાથ ધરી હતી.

---

પચાસ જેટલા યુવાનો છેતરાઇ ગયાઃ પ્રોસેસ ચાલુ છે એવુ કહી ધક્કા ખવડાવ્યાઃ છેલ્લે ભાડાની ઓફિસને ખાલી કરી રાતો રાત લેભાગુ એજન્ટો ભાગી ગયા

# વિઝાના નામે ઠગ ત્રિપુટી અડધો કરોડ ખાઇ ગઇ

રાજકોટ તા. ૦૧

રાજકોટઃ વિદેશના વર્ક પરમીટ પીઆર વિઝાના નામે ઠગાઇના કિસ્સાઓમાં અત્યાર સુધીમાં અનેક યુવાનો, પરિવારો લાખો કરોડો રૂપિયા ગુમાવી ચુક્યાના દાખલા છે. લેભાગુ કહેવાતા એજન્ટો લોકોને આ રીતે સતત છેતરી રહ્યા છે. આમ છતાં બીજા લોકો યુવાનો જાગૃત થઇ રહ્યા નથી. વધુ એક આવી મોટી ઠગાઇ થઇ હતી. જેમાં એક સાથે સતાવન યુવાનો સાથે અડધા કરોડથી વધુની ઠગાઇ થઇ હતી. અલગ અલગ દેશના વિઝા અપાવી દેવાના નામે આ ઠગાઇ આચરવામાં આવી હતી.

વિગતો જોઇએ તો વડોદરાના નિઝામપુરામાં ડી.એન. કન્સલ્ટન્સી નામની ઓફિસ ખોલી ૫૭ લોકો સાથે છેતરપિંડી થઈ છે. ગુડ્ડુકુમાર લલન-સાદ, પ્રતાપસિંગ અને જશબીરસિંગે વિદેશ મોકલવાના બહાને કુલ ૪૬.૯૭ લાખ રૂપિયા પડાવ્યા હતા. રાજમહેલ રોડના બાલકૃષ્ણ પંચાલે ફતેગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં તપાસ શરૂ થઇ હતી. આરોપીઓ ભાડાની ઓફિસ ખાલી કરી ફરાર થઈ ગયા હતાં. પોલીસ સુત્રોના કહેવા મુજબ નિઝામપુરામાં વિઝા કન્સલ્ટન્સીની ઓફિસ શરૂ કરી




વિદેશ મોકલવાના બહાને ૫૭ લોકો સાથે છેતરપિંડી કરવામાં આવી હતી. આરોપીઓએ કુલ ૪૬.૯૭ લાખ પડાવી લીધા હતા અને ત્યારબાદ ભાડાની ઓફિસ ખાલી કરીને જતા રહ્યા હતા.

વધુ માહિતી અનુસાર રાજમહેલ રોડ હાથી પોળમાં રહેતા બાલકૃષ્ણ મહેન્દ્રકુમાર પંચાલે ફતેગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે હું મકરપુરા જી.આઇ.ડી. સી.ની કંપનીમાં નોકરી કરુ છું. મારે કામ ધંધા અર્થે વિદેશ જવાનું હોઇ ડીએન કન્સલ્ટન્સી, ત્રીજો માળ,કુંજ સોલીસીટર, નિઝામપુરા ગયા હતા. ઓફિસના સંચાલક ગુડ્ડુકુમાર લલન પ્રસાદ, પ્રતાપસિંગ તથા જશબીરસિંગ હતા. તેઓ તથા તેમની ટીમના માણસો અલગ - અલગ દેશમાં લોકોને મોકલવાની પ્રોસેસ કરે છે. જેથી હું તેઓની ઓફિસે ગયો હતો અને સંચાલક પ્રતાપસિંગને મળ્યો હતો. તેમણે કેન્યાની કંપનીમાં વેકેન્સી હોવાનું જણાવી પ્રોસેસ કરી આપવાનું કહ્યું હતું.

જેની ફી ૫૫ હજાર કહેતા મેં હા પાડી હતી. તેઓએ તા.૧૫-૧૧-૨૦૨૫ ના રોજનો એપોઇન્ટમેન્ટ લેટર આપ્યો હતો. જેથી, અમે તેઓને પેમેન્ટની ચૂકવણી કરી હતી. ત્યારબાદ અમેરિકા ઈરાન વચ્ચેના યુદ્ધના કારણે અમારી લાઇટ રદ્દ થઇ હતી. વિઝાની મુદ્દત પૂરી થતી હોઇ રિશિડયૂલ કરાવવા માટે અમે ડી.એન. કન્સલ્ટન્સીની ઓફિસે ગયા હતા. પરંતુ, ઓફિસ બંધ આવતી હતી. તેઓનો ફોન પણ બંધ આવતો હતો. ઓફિસે અમને અન્ય લોકો પણ મળ્યા હતા. તેઓએ પણ વિદેશ જવા માટે આ ઓફિસના સંચાલકને રૂપિયા ચૂકવ્યા હતા. આ ગઠીયાઓએ આ રીતે પચાસથી વધુ યુવાનોને ટારગેટ બનાવી છેતરી લીધા હતાં. અડધા કરોડ આસપાસની રકમ ઉસેડી ભાગી ગયેલા આ કહેવાતા એજન્ટ બિહારબાબુઓને શોધવા પોલીસની ટીમ કામે લાગી હતી.

રાજ્યભરમાં આ પ્રકારે વર્ક પરમીટ વિઝાના નામે અને ઘણીવાર ટૂર પેકેજના નામે લેભાગુ એજન્ટો ઠગાઇ કરી ગયાના અનેક દાખલા મોજુદ છે. આમ છતાં લોકો ગમે તેમ કહીને વિદેશ પહોંચી જવાની લ્હાયમાં આંધળાભીંત બની જઇ ગમે તેવા એજન્ટો પર આંધળો વિશ્વાસ કરી નાણા આપી દેતાં હોય છે. પરંતુ બાદમાં આવા લોકોને વિઝાના નામે માત્ર ઠેંગો મળતો હોય છે. આ ઘટનામાં એક સાથે પચાસથી વધુ યુવાનોને વર્ક પરમીટ વિઝા આપવાના નામે લેભાગુ એજન્ટો ખંખેરી ગયા હતાં. વિદેશ જવું અને કામધંધો નોકરી કરી બેપાંદડે થવું એમાં ખોટુ નથી. પરંતુ આ રીતે ગમે તેવા એજન્ટો પર ભરોસો કરી નાણા ધરી દેવાને બદલે પુરતી તપાસ કરી પછી આગળ વધમાં આવે તો આવા ફ્રોડથી બચી શકાય.

---

# ઉંઘતી પત્નિના મોઢા પર મોબાઇલના ઘા ફટકાર્યા

## અગાઉ પણ એક વખત ત્રાસની ફરિયાદ કરી હતી આમ છતાં પતિ સુધર્યા નહિ હોવાનો ફરિયાદમાં આક્ષેપ

રાજકોટ, તા.૦૨

રાજકોટઃ દામ્પત્ય જીવનમાં ડખ્ખાની ઘટનાઓ અવાર-નવાર બની જતી હોય છે. ઘણીવાર તો પતિ કે પત્નિ એક બીજા સાથે મારામારી કરી લેતાં હોય છે. આવી જ એક ઘટના સામે આવી હતી. જેમાં પતિએ હાથમાં આવ્યું એ હથીયાર મુજબ ઉંઘી રહેલી પત્નિ પર મોબાઇલ ફોનથી હુમલો કરી તેને લોહીલુહાણ કરી નાંખી હતી તેમજ ઢીકાપાટુ પણ માર્યા હતાં.

વિગતો જોઇએ તો આ બનાવમાં મહિલા પોલીસ સ્ટેશન દ્વારા અંબાજી કડવા પ્લોટ-૭ કૃષ્ણનગર મેઇન રોડ પર રહેતાં બેતાલીસ વર્ષીય વૈશાલીબા વિરેન્દ્રસિંહ જાડેની ફરિયાદ પરથી તેમના પતિ વિરેન્દ્રસિંહ ચંદ્રસિંહ જાડેજા વિરૂધ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ફરિયાદમાં જણાવાયા મુજબ વૈશાલીબાના લગ્ન વર્ષ ૨૦૦૯ પહેલા વિરેન્દ્રસિંહ ચંદ્રસિંહ જાડેજા સાથે જ્ઞાતિના રીત-રિવાજ મુજબ થયા હતા. લગ્ન બાદ થોડા જ સમયમાં પતિ વિરેન્દ્રસિંહ દ્વારા નાની-નાની વાતોમાં બોલાચાલી કરી ઝઘડો કરવાનું શરૂ કરવામાં આવ્યું હતું.

પરિણીતાએ ઘર-સંસાર ટકાવી રાખવા માટે આજદિન સુધી સહન કરીને પતિને સમજાવવાના અનેક પ્રયાસો કર્યા હતા, પરંતુ પતિના વર્તનમાં કોઇ સુધારો આવ્યો ન હતો. પતિ દ્વારા સતત અપાતા શારીરિક અને માનસિક ત્રાસથી કંટાળીને વૈશાલીબાએ અગાઉ તારીખ ત્રીજી એપ્રીલના રોજ પણ મહિલા પોલીસ સ્ટેશનમાં પતિ વિરૂધ્ધ ગુનો દાખલ કરાવ્યો હતો. ગુનો નોંધાયા બાદ પણ તેણી પોતાની ૧૪ વર્ષની દીકરી સાથે મકાનના નીચેના ભાગે રહેતં હતાં અને હર્બલ પ્રોડક્ટનો વેપાર કરી પોતાનું ગુજરાન ચલાવતા હતાં.



જ્યારે પતિ મકાનના ઉપરના માળે રહેતા હતાં. આમ છતાં પતિ દ્વારા અવારનવાર ખોટા આક્ષેપો કરી બોલાચાલી અને શારીરિક-માનસિક ત્રાસ આપવાનું ચાલુ જ રખાયું હતું. દરમિયાન મંગળવારે તા. ૧નામોડી રાતે સાડા બારેક વાગ્યે વૈશાલીબા પોતાના રૂમમાં સૂતા હતા ત્યારે પતિ વિરેન્દ્રસિંહે આવીને અચાનક તેમના મોઢા પર મોબાઇલ મારી દીધો હતો. તેમજ ઢીકાપાટુનો ઢોરમાર મારી મોઢા અને હોઠના ભાગે ગંભીર ઇજા પહોંચાડતાં દેકારો થતાં૧૪ વર્ષની દીકરી જાગી જતાં વિરેન્દ્રસિંહ ભાગી ગયેલ. બાદમાં દિકરીએ ૧૦૮ બોલાવી માતાને હોસ્પિટલે ખસેડ્યા હતાં. સારવાર બાદ મહિલા પોલીસ સ્ટેશને પહોંચી ફરિયાદ દાખલ કરાવી હતી. પીઆઇ આર. જી. પઢીયારની રાહબરીમાં એએસઆઇ દિલીપસિંહ જાદવે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

---

ઓનલાઇન ઓફલાઇન ગઠીયાગીરીની રોજબરોજ બની રહી છે નવી નવી ઘટનાઓ

# સ્કૂલ આચાર્ય સાથે દોસ્તની દગાખોરીઃ ૨૪ લાખનો ચૂનો

## બારોબાર ઓનલાઇન ઓગણીસ લાખની લોન તો લઇ લીધી, ક્રેડીટ કાર્ડમાંથી પણ પાંચ લાખની ખરીદી કરી લીધીઃ પોલીસે શરૂ કરી તપાસ :દૂષ્કર્મના એક કિસ્સામાં ઇન્સ્ટાગ્રામીયા ફ્રેન્ડે કુંવારો હોવાનું કહી યુવતિને ફસાવી દૂષ્કર્મ આચર્યુઃ ફરિયાદ દાખલ થતાં પી ગયો ઝેર!

રાજકોટઃ ઠેકઠેકાણે થઇ રહેલી ગઠીયાગીરી અટકતી જ નથી. ઘણીવાર તો જાણીતા પરીચીતો કે મિત્રો પણ ગઠીયાગીરી આચરી જતાં હોય છે. વધુ એક આવી ઘટનામાં દોસ્ત દગાખોરી કરી ગયો હતો. એક સ્કૂલના આચાર્યના ક્રેડીટ કાર્ડમાંથી તેના જ મિત્રોએ પાંચ લાખ વાપરી નાંખ્યા હતાં, તેમજ ઓગણીસ લાખની લોન પણ બારોબાર લઇ લીધી હતી. ચોવીસ લાખનો ચૂનો લાગી જતાં આચાર્યએ મિત્રો વિરૂધ્ધ ધોખાધડીથી એફઆઇઆર દાખલ કરાવી હતી.

વિગતો પર નજર કરીએ તો ગોધરામાં રહેતા આચાર્યના અમદાવાદમાં બે મિત્રો બન્યા હતા. આ બંને મિત્રોએ આચાર્યને વિશ્વાસ અપાવી તેમના નામે પૈસાની જરૂર હોવાનું કહીને ૧૮.૯૮ લાખની લોન લીધી હતી. આચાર્યના નામે ક્રેડિટ કાર્ડ લઈને ૫ લાખ વાપરી દીધા હતા. આચાર્યને આ રકમ પરત ન આપતા આચાર્યએ ૨૩.૯૮ લાખની છેતરપિંડી મામલે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ફરિયાદ નોંધાવી હતી. ગોધરામાં રહેતા અને આદર્શ નિવાસી સ્કૂલમાં આચાર્ય તરીકે નોકરી કરતા ચિરાગ શુક્લે વસ્ત્રાપુર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે તેઓ વર્ષ મોબાઈલ ફોન લેવા માટે ઘાટલોડિયામાં સમૃદ્ધિ મોબાઇલની દુકાને આપ્યા હતા, જ્યાં તેમનો સંપર્ક દુકાનના માલિક અર્પણાસિંગ સાથે થયો હતો.

ત્યારબાદ અર્પણાસિંગ દ્વારા હિતેન શાહ સાથે પણ તેમનો પરિચય થયો હતો. બંને સાથે ચિરાગભાઈની મિત્રતા થઈ હતી. તેઓ અવારનવાર અમદાવાદ આવતા ત્યારે એકબીજાને મળતા હતા. આ પછી બે વર્ષ દરમિયાન અર્પણાસિંગ અને હિતેને ચિરાગભાઈને અલગ અલગ ક્રેડિટ કાર્ડ અને લોન પ્રોસેસ કરી આપવાનું કહી તેમના ડોક્યુમેન્ટની નકલ મેળવીને ચિરાગભાઈના નામે ૧૫ જેટલા ક્રેડિટ કાર્ડ લીધા હતા. ક્રેડિટ કાર્ડમાંથી પાંચ લાખની રકમ તેમણે વાપરી કાઢી હતી. ત્યારબાદ ચિરાગભાઈના નામે ૨૨.૫૦ લાખ રૂપિયાની લોન લીધી હતી. જેમાંથી કેટલીક રકમ ચિરાગભાઈ હપ્તામાં ભરી હતી. બાકીની રકમ તેમના ખાતામાં હતી.

તેમજ અર્પણ સિંગ અને હિતેને ચિરાગભાઈને વિશ્વાસમાં લઈને તેમના ખાતામાંથી ૧૮.૯૮ લાખ રૂપિયા ઓનલાઇન મેળવી લીધા હતા. આ તમામ રકમ પરત ના આપતા ચિરાગભાઈએ તેમના નામના



ક્રેડિટ કાર્ડ બ્લોક કરાવી દીધા હતા. આ બંનેએ ચિરાગભાઈ સાથે કુલ ૨૩.૯૮ લાખ રૂપિયાની છેતરપિંડી કરતા ચિરાગભાઈએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે તપાસ શરૂ કરી હતી. ઓનલાઇન ઠગાઇના કિસ્સા તો બનતા જ રહે છે. પરંતુ ઘણીવાર પરીચીતો કે મિત્રો પણ આ રીતે ગઠીયાગીરી કરી લાખોના ચૂના લગાવી જતાં હોય છે. આ ઘટના તેની સાબીતી છે.

અન્ય એક દૂષ્કર્મની ઘટના જોઇએ તો સુરતમાં એક સંતાનના પિતાએ યુવતીને સોશિયલ મીડિયા પર પ્રેમ જાળમાં ફસાવી દુષ્કર્મ કર્યું હોવાની ઘટના સામે આવી છે. કતારગામ વિસ્તારમાં રહેતી અઢાર વર્ષીય યુવતી સાથે રાંદેર બાવીસ વર્ષીય સાહિલ શેખે ઈન્સ્ટાગ્રામ પર એક વર્ષ પહેલાં મિત્રતા કરી હતી. સાહિલે યુવતીને મળવા માટે નાનપુરા મિત્રના ઘરે બોલાવી હતી, જ્યાં તેણે યુવતી સાથે શારીરિક સંબંધ બાંધ્યો હતો. સાહિલ પોતે પરણેલો અને એક સંતાનનો પિતા હોવા છતાં તેણે યુવતીને પ્રેમ જાળમાં ફસાવી હતી. બનાવ અંગે યુવતીએ કતારગામ પોલીસમાં ફરિયાદ કરતા પોલીસે સાહિલની ધરપકડ કરી હતી.

વધુ માહિતી અનુસાર પોલીસે દુષ્કર્મનો ગુનો નોંધતા ઝેરી દવા પીધી દ્ર બાળકી પર દુષ્કર્મના પ્રયાસ બાદ હવસખોરે સલાબતપુરા વિસ્તારમાં ઝેરી દવા પી આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડયો છે. હાલમાં હવસખોર ઈરફાન નાડી પોલીસની નિગરાનીમાં હોસ્પિટલમાં સારવાર હેઠળ હોઇ રજા અપાયે ધરપકડ કરી વિશેષ કાર્યવાહી કરવામાં આવશે.

### ૧૭ મહિનામાં માંડ અડધું કામ, લક્ષ્યાંક ચૂકાવાની પૂરી શક્યતા

# મંજૂરીઓના ચક્કરમાં અટવાયો કટારીયા કેબલ બ્રિજ

## કામમાં ઝડપ લાવવા અને સમયમર્યાદાનું પાલન કરાવવા માટે મહાપાલિકા દ્વારા કોન્ટ્રાક્ટર એજન્સીને તબક્કાવાર ૬ નોટિસ પાઠવવામાં આવી

રાજકોટ, તા. ૨.

પશ્ચિમ રાજકોટના ગૌરવપથ સમાન કાલાવડ રોડ અને ન્યૂ રિંગ રોડ જંક્શન પર આવેલા કટારીયા ચોક ખાતે રૂ.૧૬૭ કરોડના ખર્ચે આકાર લઈ રહેલો આઈકોનિક કેબલ સ્ટેડ ફ્લાય ઓવરબ્રિજ અને અંડરપાસ પ્રોજેક્ટ તંત્રની ઢીલી નીતિ અને અંદરોઅંદરના અણવટને કારણે વિલંબમાં પડ્યો છે. તા.૨૬ માર્ચ ૨૦૨૫ના રોજ નિર્માણાધિન બનેલા આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટને સપ્ટેમ્બર-૨૦૨૬ સુધીમાં ૧૭ મહિના જેટલો સમય વીતી ચૂક્યો છે, પરંતુ સ્થળ પર કામગીરીની ભૌતિક પ્રગતિ માત્ર ૫૧ ટકા સુધી જ પહોંચી શકી છે. પ્રોજેક્ટની કુલ સમયમર્યાદામાંથી ૬૪.૦૯ ટકા જેટલો સમય પૂર્ણ થઈ ગયો છે અને માત્ર ૩૫.૯૧ ટકા સમય બાકી રહ્યો છે, ત્યારે આ સ્થિતિ જોતા તા.૨૪ જાન્યુઆરી ૨૦૨૮ની નિર્ધારિત સમયમર્યાદામાં પ્રોજેક્ટ પૂરો થાય તેવી શક્યતાઓ નહિવત જણાઈ રહી છે.

પ્રોજેક્ટની ધીમી ગતિ પાછળ રાજકોટ મહાપાલિકા અને માર્ગ અને મકાન વિભાગ વચ્ચેના સ્પષ્ટ સંકલનનો અભાવ જવાબદાર હોવાનું સામે આવ્યું છે. બંને સરકારી વિભાગો વચ્ચે પરસ્પર તાલેમેલ ન હોવાને કારણે પ્રોજેક્ટ માટે જરૂરી એવી વિવિધ વચગાળાની મંજૂરીઓ સમયસર મળતી નથી, જેની સીધી અસર નિર્માણ કાર્ય પર પડી રહી છે. બીજી તરફ, મહાપાલિકા દ્વારા પોતાની જવાબદારીમાંથી છટકવા માટે કોન્ટ્રાક્ટર એજન્સીને પ્રોજેક્ટના જુદા જુદા તબક્કે કુલ છ જેટલી નોટિસો ફટકારીને કામ નિર્ધારિત સમયમાં પૂર્ણ કરવા માત્ર તાકીદ કરવામાં આવી છે, પરંતુ મૂળ પ્રશ્ન મંજૂરીઓ અને આંતરિક સંકલનનો ઉકેલાયો નથી.

હાલ સપ્ટેમ્બર-૨૦૨૬ના પ્રારંભે પ્રોજેક્ટના ટેકનિકલ કામો પર નજર કરીએ તો કુલ ૧૧૮ પીએસસી ગર્ડર પૈકી ૧૧૩ ગર્ડરનું કામ પૂરું થતાં તેમાં ૯૫.૭૬ ટકા પ્રગતિ નોંધાઈ છે. જોકે, કુલ ૨૬ ડેક સ્લેબમાંથી માત્ર ૧૨ ડેક સ્લેબ જ બની શક્યા છે, જ્યારે પાઈલ અને પાઈલ કેપની કામગીરી હજુ પણ પ્રગતિ હેઠળ છે. યુ-ટાઈપ રીટેઈનીંગ વોલના રાફ્ટમાં ૭૫.૫૮ ટકા અને વોલમાં ૬૭.૬૮ ટકા કામગીરી પૂર્ણ થઈ છે. પ્રોજેક્ટના માઈલ સ્ટોન-૩ મુજબ ૭૫ ટકા કામગીરીના તબક્કા માટે ૬૮૪ દિવસનો સમયગાળો નિર્ધારિત કરવામાં આવ્યો હતો, પરંતુ વર્તમાન ફિઝિકલ પ્રોગ્રેસ જોતાં તંત્ર માટે લક્ષ્યાંક સુધી પહોંચવું હવે પડકારજનક બની ગયું છે.



# રાજ્યમાં ઓછા વરસાદવાળા વિસ્તારોમાં મળશે પીવાનું પાણી

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળી કેબિનેટની બેઠક
## ગુજરાતે જીએસટી કલેક્શનમાં ૨૮ ટકાનો નોંધપાત્ર ગ્રોથ નોંધાવ્યો



રાજકોટ, તા.૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે કેબિનેટની બેઠક યોજાઈ હતી. આ બેઠક બાદ નાયબ મુખ્યમંત્રી અને પ્રવક્તા મંત્રી હર્ષ સંઘવીએ પત્રકારોને સંબોધિત કરતા બેઠકમાં લેવાયેલા નિર્ણયો અને રાજ્યની આર્થિક પ્રગતિ અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

વધુ વિગતો આપતાં તેમણે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીએ બેઠકમાં કચ્છ, જામનગર અને દેવભૂમિ દ્વારકા સહિતના જિલ્લામાં આ વર્ષે થયેલા ઓછા વરસાદની સ્થિતિની ઊંડાણપૂર્વક સમીક્ષા કરી હતી. આ વિસ્તારોમાં પીવાના પાણી અને ઘાસચારાની અછત ન સર્જાય તે માટે તમામ વિભાગોને કડક સૂચના આપવામાં આવી છે. આ જિલ્લાઓની સ્થિતિની ગંભીરતાપૂર્વક સમીક્ષા કરવા માટે પ્રભારી મંત્રીઓને વિશેષ સૂચના આપવામાં આવી છે.

નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે વિશ્વભરમાં આર્થિક પડકારો હોવા છતાં ભારતનો જીડીપી ગ્રોથ રેટ ૭.૮ ટકા રહ્યો છે, જે ભારતીય અર્થતંત્રની મજબૂતાઈ દર્શાવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ નાગરિકોના હિતમાં જીએસટી દરોમાં ઘટાડો કરવામાં આવ્યો હોવા છતાં ગુજરાતમાં જીએસટી સંગ્રહમાં નોંધપાત્ર વધારો થયો છે. જેમાં ગયા મહિને ગુજરાતનો જીએસટી ગ્રોથ ૨૦ ટકા હતો, જે આ મહિને વધીને ૨૮ ટકાએ પહોંચ્યો છે.

તેમણે ગુજરાતના બંદરો પર કાર્ગો હેન્ડલિંગમાં થયેલા અભૂતપૂર્વ વધારાનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, કેબિનેટ બેઠકમાં રાજ્યના બંદરોની સમીક્ષા દરમિયાન જાણવા મળ્યું છે કે માત્ર એક જ પોર્ટ દ્વારા ૫૦ મિલિયન મેટ્રિક ટન કાર્ગો હેન્ડલ કરવામાં આવ્યો છે, જે સવા ગણો વધારો દર્શાવે છે. બંદરો પર કાર્ગો હેન્ડલિંગના વધેલા આંકડા સ્પષ્ટ કરે છે કે ગુજરાતનું મેન્યુફેક્ચરિંગ આઉટપુટ વધ્યું છે અને રાજ્યમાંથી નિકાસમાં મોટો ઉછાળો આવ્યો છે.

### જાગૃત નગરસેવકની રજૂઆત બાદ ટીપી વિભાગે દબાણો હટાવ્યા

# વોર્ડ નં. ૨ માં મહાનગર પાલિકાના કરોડોના પ્લોટ પરથી ડિમોલિશન

## સ્થાનિક વિઝિટ દરમિયાન કરોડોની કિંમતી જમીન પર ઝૂંપડાં ધ્યાન પર આવ્યા હતા; હવે પ્લોટ ફરતે ફેન્સિંગ કરાશે

રાજકોટ, તા. ૨

શહેરના ૧૫૦ ફીટ રિંગ રોડ નજીક આવેલા સિનર્જી હોસ્પિટલ વાળા રોડ પર, વોર્ડ નંબર ૨ માં નાઇન સ્ક્વેર બિલ્ડિંગના કોર્નર પાસે આવેલા મ્યુનિસિપલ કોર્પોરેશનના ખુલ્લા પ્લોટમાંથી ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા ડિમોલિશનની કામગીરી હાથ ધરીને દબાણો દૂર કરવામાં આવ્યા છે.

થોડા દિવસો પહેલા વોર્ડ નંબર ૨ ના નગરસેવકો વિસ્તારના આકસ્મિક પ્રવાસે હતા ત્યારે આ કરોડો રૂપિયાની કિંમતનો પ્લોટ અને તેમાં થયેલા ઝૂંપડાંના દબાણો તેમના ધ્યાને આવ્યા હતા. આ અંગે કોર્પોરેટર ધૈર્યભાઈ પારેખ દ્વારા તુરંત ટીપી શાખાને પ્લોટ ખાલી કરાવી કબ્જો લેવા લેખિત-મૌખિક જાણ કરવામાં આવી હતી.આટલી ગંભીર બાબત હોવા છતાં અધિકારીઓ દ્વારા દિવસો સુધી કોઈ આકરા પગલાં ન લેવાતા, આખરે કોર્પોરેટરોએ મેયર અને મ્યુનિસિપલ કમિશનરનું ધ્યાન દોર્યું હતું. ત્યારબાદ યોજાયેલી મનપાની જનરલ બોર્ડની સભામાં ધૈર્યભાઈ પારેખે આ કિંમતી મિલકત પરના દબાણ અને અધિકારીઓની નિષ્ક્રિયતા સામે અવાજ ઉઠાવી તંત્રનો કાન ખેંચ્યો હતો.

જનરલ બોર્ડમાં ઉઠેલા વિરોધ બાદ મેયર અને કમિશનરની કડક સૂચનાથી ટીપી શાખાની ટીમ તાબડતોબ સ્થળ પર પહોંચી હતી અને પ્લોટ પરથી તમામ ઝૂંપડાં હટાવી જમીન ખુલ્લી કરાવી હતી. ભવિષ્યમાં આ કિંમતી જમીન પર ફરીથી કોઈ અસામાજિક તત્વો કે અન્ય દબાણકર્તાઓ કબ્જો ન જમાવે તે માટે પ્લોટની ચારેય તરફ ત્વરિત ફેન્સિંગ કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવશે.



જ્યારે લોકપ્રતિનિધિઓ સામાન્ય રાઉન્ડ દરમિયાન મનપાની કરોડોની મિલકત શોધી કાઢે છે, ત્યારે મોટા પગાર ભથ્થાં મેળવતા અને ઓફિસોમાં બેસતા ટીપી વિભાગના અધિકારીઓ પ્રજાની મિલકતોની જાળવણી માટે શું કરી રહ્યા છે? નગરસેવકોએ ધ્યાન દોર્યા છતાં પણ અધિકારીઓએ કેમ કોઈ તાત્કાલિક પગલાં ન લીધા? આ સમગ્ર ઘટનાએ મનપાના એસ્ટેટ અને ટીપી વિભાગની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે.

### તંત્રની આળસ અને દબાણ હટાવવાની વિગત

- **કરોડોની જમીન પર કબજો :** વોર્ડ નં. ૨ માં સિનર્જી હોસ્પિટલ વાળા પ્રાઇમ લોકેશન રોડ પર મનપાનો કિંમતી પ્લોટ આવેલો છે, જ્યાં લાંબા સમયથી ગેરકાયદે ઝૂંપડાં ખડકાઈ ગયા હતા.
- **બાર-બાર રજૂઆતો છતાં મૌન :** સ્થાનિકો અને કોર્પોરેટર દ્વારા ટીપી શાખાને આ દબાણો હટાવવા માટે અગાઉ અનેક વખત લેખિત અને મૌખિક જાણ કરવામાં આવી હતી. છતાં, જવાબદાર અધિકારીઓએ આંખ આડા કાન કરીને કોઈ પગલાં લીધા નહોતા.
- **જનરલ બોર્ડમાં ગાજ્યો મુદ્દો :** ટીપી શાખાની નિષ્ક્રિયતાથી કંટાળીને અંતે કોર્પોરેટરે મનપાની જનરલ બોર્ડની બેઠકમાં આ મુદ્દે તીખા પ્રશ્નો પૂછી તંત્રનોડોળ ખુલ્લો પાડ્યો હતો.
- **આખરે બુલડોઝર ફર્યું :** જનરલ બોર્ડમાં પ્રશ્ન ગૂંજતા જ મનપાનું તંત્ર દોડતું થયું હતું અને ડીમોલિશન સ્ટાફે સ્થળ પર પહોંચીને કરોડોની જમીન પરથી ઝૂંપડાના તમામ ગેરકાયદે દબાણો દૂર કરી પ્લોટ ખુલ્લો કરાવ્યો હતો. અધિકારીઓની આવી બેદરકારી સામે હવે નાગરિકો અને રાજકીય વર્તુળોમાં સવાલ ઉઠી રહ્યો છે કે, "શું મનપાનું તંત્ર પોતાની કરોડોની મિલકતો સાચવવા માટે પણ જનરલ બોર્ડના હંગામાની જ રાહ જોશે?

### રાજકોટવાસીઓ માટે ખુશખબર

# ગરીબ-મધ્યમ વર્ગ માટે ૩૮,૦૦૦ આવાસનું આયોજન

## મનપા પર એક પણ રૂપિયાનો બોજ નહીં પડે! : પ્રથમ તબક્કામાં ૧૫,૦૦૦ આવાસ, ગાંધીનગરથી લીલીઝંડી

રાજકોટ, તા. ૨

રાજકોટ શહેરમાં દિન-પ્રતિદિન વસતીમાં થઈ રહેલા ગતિશીલ વધારાના કારણે સામાન્ય અને મધ્યમ વર્ગના લોકો માટે પોતાના ઘરનું સ્વપન પૂરું કરવું પડકારજનક બનતું જાય છે. અગાઉ મહાનગરપાલિકા દ્વારા નિર્માણ કરવામાં આવેલા આવાસ હાલ વધતી જરૂરિયાત સામે ઓછા પડી રહ્યા છે. આવી સ્થિતિમાં જરૂરિયાતમંદ પરિવારોને અત્યાધુનિક સુવિધાઓ ધરાવતું અને પોષાય તેવા ભાવે ઘરનું ઘર મળી રહે તે માટે મહાનગરપાલિકા દ્વારા એક વિશેષ અને પ્રજાલક્ષી માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. આ વિશાળ આવાસ યોજનાના અમલીકરણથી શહેરના હજારો ગરીબ અને મધ્યમ વર્ગીય પરિવારોને ભાડાના મકાનમાંથી મુક્તિ મળશે અને તેમને આર્થિક તેમજ સામાજિક સ્તરે મોટો ટેકો મળી રહેશે.

આ યોજના અંગે વિગતો આપતાં આવાસ યોજના સમિતિના ચેરમેન દિલીપ લુણાગરિયાએ જણાવ્યું હતું કે, દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'સૌને ઘર'ના સંકલ્પને રાજકોટમાં સાકાર કરવાના ભાગરૂપે મહાનગરપાલિકા દ્વારા કુલ ૩૮,૦૦૦ નવા આવાસ નિર્માણ કરવાનો એક ભવ્ય લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટને પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ (ડડડ) મોડેલના આધારે આગળ ધપાવવામાં આવશે, જે અંતર્ગત મહાપાલિકા દ્વારા ખાનગી બિલ્ડરોને આવાસ નિર્માણ માટે કુલ ૪૫ જેટલા પ્લોટ ફાળવવામાં આવશે. તેના પરિણામે મહાનગરપાલિકાની તિજોરી પર કોઈ જ વધારાનો આર્થિક બોજ પડશે નહીં અને બાંધકામની કામગીરી પણ અત્યંત ઝડપથી પૂર્ણ કરી શકાશે.

આ સમગ્ર લક્ષ્યાંક પૈકી પ્રથમ તબક્કા હેઠળ ૧૫,૦૦૦ આવાસ બનાવવાની મંજૂરી મેળવવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર સમક્ષ દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. આ યોજનામાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા અંગત રસ લઈ મેયર ડો. નેહલ શુક્લને ગાંધીનગર બોલાવ્યા હતા. આજે સીએમ સાથેની બેઠકમાં લીલીઝંડી મળતા જ મનપાના એન્જિનિયરિંગ તંત્રે પ્રોજેક્ટની ડિઝાઇન તૈયાર કરવા સહિતની પ્રાથમિક પ્રક્રિયાઓ ઝડપી બનાવી છે. આ યોજના પાછળ અંદાજે રૂ. ૨૦૦૦ કરોડ જેટલો માતબર ખર્ચ થવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે, છતાં મનપા ઉપર કોઈ આર્થિક બોજ પડશે નહીં.



દિલીપ લુણાગરિયાએ આ આયોજનની વધુ માહિતી આપતાં ઉમેર્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા અગાઉ ૩૦ હજાર આવાસનો લક્ષ્યાંક અપાયો હતો, જેને વધારીને હવે ૩૮ હજાર કરવામાં આવ્યો છે. આ અંતર્ગત મનપા દ્વારા દર વર્ષે ૪૦૦૦ જેટલા આવાસ તૈયાર કરવા માટે આયોજન ઘડવામાં આવ્યું છે. આ રીતે આયોજનબદ્ધ કામગીરી કરીને પ્રથમ ૧૫,૦૦૦ કરતા વધુ આવાસ ૪થી ૫ વર્ષના સમયગાળામાં પૂર્ણ કરી લેવામાં આવશે, જેથી લોકોને સમયસર મકાનનો કબજો મળી રહે.

ઉલ્લેખનીય છે કે, શહેરી વિકાસની પ્રક્રિયાને વધુ વેગ આપવા માટે વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં મ્યુનિસિપલ કમિશનર દ્વારા રૂ. ૪૬૪ કરોડના ખર્ચે નવી અલગ-અલગ ૭ આવાસ યોજનાઓ બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી. આ જાહેરાતના અનુસંધાને હાલમાં ૩૧૭૦ આવાસના બાંધકામ માટે ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યા હતા, જેમાં વિવિધ અનુભવી એજન્સીઓએ રસ દાખવ્યો છે. હાલમાં આ તમામ ટેન્ડરોની ચકાસણી અને પ્રક્રિયા ટેન્ડર મૂલ્યાંકન સમિતિ સમક્ષ આખરી તબક્કામાં કાર્યરત છે. ટેન્ડર મૂલ્યાંકન પૂર્ણ થયા બાદ આ દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં મંજૂરી અર્થે રજૂ કરવામાં આવશે અને સ્ટેન્ડિંગ કમિટી તરફથી લીલીઝંડી મળતા જ સ્થળ પર બાંધકામ શરૂ કરી દેવાશે.